RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 05-10-2026 I VOL : 12 I Issue : 200 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સફળતા ત્યાંથી શરૂ થાય છે જ્યાં બહાના પૂરા થાય છે.

3

વેરાઈ માતા વસાહત નજીક રાત્રિના અંધારે બાયોમેડિકલ કચરો સળગાવવાનું...

4

લોખંડી મનોબળ અને આક્રમક પોલીસિંગના પર્યાય સમાન IPS...

6

મુંબઈની ચમક છોડી હિમાચલમાં વસ્યા યામી ગૌતમ અને આદિત્ય ધર

7

15 વર્ષના વૈભવ સૂર્યવંશીએ એશિયન ગેમ્સમાં રચ્યો ઈતિહાસ..

## સાવરકર-સંઘે સનાતનને બગાડ્યું, અયોધ્યા સુધી 1000KM પદયાત્રા કરીશું

# રામ મંદિરના દાનથી BJP-RSSના કાર્યાલયો બન્યા, 200-300 કરોડની ચોરી થઈ: દિગ્વિજય સિંહ

ઉજ્જૈન

MPના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ 20 ઑક્ટોબરથી ઉજ્જૈનના મહાકાલ મંદિરથી અયોધ્યા સુધી આશરે 1000 કિલોમીટરની 'સત્ય સનાતન સ્વાભિમાન પદયાત્રા' કરશે. તેમણે કહ્યું- આ યાત્રા ધર્મના નામે પૈસા કમાવનારા અને તેને રાજકીય હથિયાર બનાવનારા લોકો વિરુદ્ધ છે. દિગ્વિજયે કહ્યું- RSS અને સાવરકરે સનાતન ધર્મને હિંદુત્વના નામે બગાડી નાખ્યો. રામ મંદિરના દાનના પૈસા BJP-RSSના કાર્યાલયો બનાવવા અને ચૂંટણીમાં ખર્ચવામાં આવ્યા. તેમણે મંદિરમાં ચઢાવવામાં આવેલા દાનમાં 200-300 કરોડ રૂપિયાની હેરાફેરીનો પણ દાવો કર્યો. 80 વર્ષની ઉંમરે 1000 KMની પદયાત્રા. 80 વર્ષની ઉંમરે આટલી લાંબી યાત્રા કરવાના સવાલ પર દિગ્વિજયે કહ્યું- ઉંમર કોઈ બાબત નથી. અંગ્રેજીમાં કહેવત છે- 'માણસ પોતાને જેટલી ઉંમરનો અનુભવે છે, તેટલી જ તેની ઉંમર હોય છે.' જો હું પોતાને 50 વર્ષનો અનુભવું છું, તો કોઈને



વાંધો ન હોવો જોઈએ. દિગ્વિજય સિંહે સનાતન ધર્મની વાત કરતાં મહાત્મા ગાંધીનું ઉદાહરણ આપ્યું. તેમણે કહ્યું કે ગાંધી સનાતન ધર્મ અને સનાતની પરંપરાઓનું સન્માન કરતા હતા. તેમના માટે 'રઘુપતિ રાઘવ રાજા રામ, સૌને સન્મતિ દે ભગવાન, ઈશ્વર-અલ્લાહ તેરો નામ' એ જ સનાતનની ભાવના હતી. તેમણે કહ્યું કે ગાંધીએ ગરીબ અને દબાયેલા-કચડાયેલા લોકો માટે કામ કર્યું અને હિંદુ-મુસ્લિમ એકતાની વાત કરી. ભારત સૌનું છે અને અનેકતામાં એકતા જ આપણી તાકાત છે. વેદો અને ઉપનિષદોમાં 'હિંદુ' શબ્દ નથી દિગ્વિજયે કહ્યું કે આજે હિંદુ ધર્મની જગ્યાએ સનાતન વિશેની વાતને અલગ રીતે રજૂ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે 'હિંદુ' શબ્દ ફારસી છે અને વેદ, ઉપનિષદો તથા અન્ય પ્રાચીન ગ્રંથોમાં તેનો ઉલ્લેખ મળતો નથી. તેમણે કહ્યું કે સનાતન દુનિયાની સૌથી જૂની ધાર્મિક પરંપરાઓમાંની એક છે. તેનો સંદેશ 'વસુધૈવ કુટુંબકમ્' એટલે કે આખી દુનિયા એક પરિવાર છે. તેમના મતે RSS અને VHPએ સનાતનની આ જ વિચારધારાને બગાડી નાખી છે.

## મહિલા પત્રકારોની સતામણી મામલે CJPનું દિલ્હી પોલીસને અલ્ટીમેટમ, ACP સામે FIRની માંગણી

નવી દિલ્હી

દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલા પત્રકાર સાથે કથિત છેડતીના મામલે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સહ સંયોજક સૌરભ દાસે દિલ્હી પોલીસને કડક ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું છે કે જો સોમવાર બપોર સુધી દિલ્હી પોલીસ ACP વિરુદ્ધ FIR નહીં નોંધે, તો પત્રકારો અને અન્ય પ્રદર્શનકારીઓ ફરીથી પોલીસ સ્ટેશન આવશે અને FIRની કોપી લઈને જ પાછા ફરશે. સૌરભ દાસે દિલ્હી પોલીસ પર પ્રહાર કરતા આક્ષેપ કર્યો છે કે, 'પોલીસ એસીપી વિરુદ્ધ કાર્યવાહી કરવાથી બચી રહી છે અને તેમને રક્ષણ આપી રહી છે. પીડિત મહિલા પત્રકાર અને અન્ય લોકો ન્યાયની માંગ સાથે પોલીસ સ્ટેશન બહાર પ્રદર્શન કરી રહ્યા હતા, છતાં પોલીસે કોઈ પગલાં લીધાં નહોતા. જ્યારે અમે સમર્થન માટે પહોંચ્યા ત્યારે પણ પોલીસે એફઆઈઆર નોંધવાનો ઈનકાર કર્યો હતો. દિલ્હી પોલીસને સોમવારે બપોરે 12 વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે અને જો આ સમયમર્યાદામાં કાર્યવાહી નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## જ્ઞાનેશ કુમાર સામે AAPનું જોરદાર પ્રદર્શન

### ઈન્ડિયા ગેટ પાસે પોલીસની બસો રોકી, સૌરભ ભારદ્વાજની પણ અટકાયત

નવી દિલ્હી

દિલ્હીમાં ઈન્ડિયા ગેટ પાસે રવિવારે હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટી અને તેના વિદ્યાર્થી સંગઠન 'ASAP' ના કાર્યકરોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ઉગ્ર પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન AAP કાર્યકરો એ બસો પર ચઢી ગયા હતા, જેમાં અટકાયત કરાયેલા પ્રદર્શનકારીઓને લઈ જવામાં આવી રહ્યા હતા. પ્રદર્શનકારીઓએ રસ્તા પર ઉતરીને ભારે નારેબાજી કરી હતી. AAP કાર્યકરોએ પોલીસ અટકાયતમાં લેવાયેલા લોકોને લઈ જતી બસોને રસ્તાની વચ્ચે જ ઘેરી લીધી હતી, અને તેને આગળ વધતી અટકાવી દીધી હતી.

પરિસ્થિતિ પર કાબૂ મેળવવા અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે ઈન્ડિયા ગેટ અને આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં દિલ્હી પોલીસ અને પેરામિલિટ્રી ફોર્સના જવાનોને તેનાત કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ, જંતર-મંતર પર પણ ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને પ્રદર્શન ચાલુ છે.

## મુંબઈમાં ઉદ્ધવ-રાજ ઠાકરેનું પ્રદર્શન

### ઉદ્ધવે કહ્યું- જ્ઞાનેશ કુમાર ભાજપનું હથિયાર, રાજીનામું આપે; CEC વિરુદ્ધ 3 દિવસમાં ત્રણ પ્રદર્શન

મુંબઇ

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે રવિવારે મુંબઈમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ સંયુક્ત પ્રદર્શન કર્યું. પ્રદર્શનમાં હજારો લોકો સામેલ થયા. બંને નેતાઓએ મેટ્રો સ્ટેશનથી શરૂ કરીને મહાનગરપાલિકા ભવન સુધી રેલી યોજી હતી.

ઉદ્ધવની શિવસેના યુબીટી અને રાજ ઠાકરેની મનસે પાર્ટીએ ચૂંટણી પ્રક્રિયામાં ગડબડીનો આરોપ લગાવીને જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી છે. રાજ ઠાકરેએ કહ્યું કે મહારાષ્ટ્રમાં કરવામાં આવેલ SIR રદ કરવામાં આવે. સરકાર કોની બનશે, એ નિર્ણય જનતાએ કરવાનો છે, ચૂંટણી પંચે નહીં. જ્યારે ઉદ્ધવે કહ્યું કે જ્ઞાનેશ કુમાર ભાજપનું હથિયાર છે. સંજય રાઉતે કહ્યું કે આ પ્રદર્શન દેશમાં ચાલી રહેલા હિટલરશાહી શાસન, ચૂંટણીઓને હાઈજેક કરવા, ચૂંટણી પંચ અને સુપ્રીમ



કોર્ટને ખિસ્સામાં રાખવા, સાંસદો અને ધારાસભ્યોને ખરીદવા સામે છે. કરોડો લોકોનાં નામ મતદાર યાદીમાંથી હટાવવામાં આવ્યા: દેશભરમાં 13 કરોડ લોકોનાં નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. બંગાળ અને તમિલનાડુમાં પણ મતદારોનાં નામ હટાવવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં હાલમાં પેટાચૂંટણી થઈ રહી છે અને લોકો પોતાના મતાધિકારની માંગને લઈને સુપ્રીમ કોર્ટ પહોંચ્યા છે. સુપ્રીમ કોર્ટ કહે છે કે આ તો માત્ર પેટાચૂંટણી છે, તેનાથી શું ફરક પડે છે? આવતીકાલે સુનાવણી થશે કે નહીં તે પણ હજુ નક્કી નથી. ચૂંટણી કમિશનરની નિમણૂક ચૂંટણી દ્વારા થવી જોઈએ: ચૂંટણી પંચની નિમણૂક ચૂંટણી દ્વારા થવી જોઈએ. પહેલાં એક સમિતિ હતી, જેમાં ભારતના ચીફ જસ્ટિસ, વડાપ્રધાન અને વિપક્ષના નેતા સામેલ હતા. તેમણે (કેન્દ્ર સરકારે) આ સમિતિમાંથી ચીફ જસ્ટિસને હટાવી દીધા.

# યાત્રાધામ અંબાજીમાં ખાખીની નાક નીચે ચાલતો કુખ્યાત ખેલ

## પોલીસ સ્ટેશનથી માત્ર 100 મીટરના અંતરે ખુલ્લેઆમ વિદેશી દારૂનો વેપાર! વાયરલ વીડિયોએ પોલીસ તંત્રના દાવાઓની ધજાગરા ઉડાવી દીધી

અંબાજી/બનાસકાંઠા

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદાઓના માત્ર કાગળ પર ડાંગ વાગી રહ્યા છે, જ્યારે અસલી હકીકત યાત્રાધામ અંબાજીમાંથી સામે આવી છે.

પવિત્ર યાત્રાધામ અને માતાજીના ધામ અંબાજીમાં સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની મોટી મોટી વાતો કરતી પોલીસ સ્ટેશનની હદથી માત્ર ૧૦૦ મીટરના નજીકના અંતરે જ ખુલ્લેઆમ વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાનો એક સનસનાટીભર્યો વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થયો છે. ખાખી વર્દીની નજર સામે જ ચાલતા આ ગોરખધંધાએ સ્થાનિક પોલીસની મિલીભગત અને નિષ્ક્રિયતા પર ગંભીર સવાલો ખડા કરી દીધા છે.

### વાયરલ વીડિયોમાં ખુલ્લેઆમ દેખાઈ રહી છે દારૂની બોટલો

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ



રહેલા આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે કેવી રીતે બેફામ બનેલા અસામાજિક તત્વો પોલીસ વહીવટી તંત્રના ડર વગર ખુલ્લેઆમ વિદેશી દારૂની બોટલોનું ધૂમ વેચાણ કરી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ હોવાના મોટા દાવા કરનારી પોલીસ સ્ટેશનની હદમાં જ જો આ પ્રકારે ખુલ્લેઆમ શરાબના અડ્ડા ધમધમતા હોય, તો સામાન્ય જનતા અંદાજ લગાવી શકે છે કે અંબાજી પંથકમાં બુટલેગરોના મનસૂબા કેટલા ઊંચા અને બેફામ બની ગયા છે.

### પોલીસ કામગીરી સામે ઊભા થયા ગંભીર સવાલો

સૌથી મોટો સવાલ એ છે કે જે પોલીસ સ્ટેશનની જવાબદારી સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની અને ગુનાખોરી ડામવાની છે, તે પોલીસ સ્ટેશનથી માત્ર ૧૦૦ મીટરના અંતરે આ ખુલ્લો વેપાર ચાલતો હોવા છતાં ખાખીધારીઓ અજાણ કેમ છે? શું પોલીસની મિલીભગત વગર આ પ્રકારનો કારોબાર ચાલવો શક્ય છે? આ વીડિયો સામે આવ્યા બાદ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે અને સામાન્ય નાગરિકોમાં પોલીસ પ્રત્યે ભારે રોષ ફેલાઈ ગયો છે.

### ઉચ્ચ અધિકારીઓ ક્યારે કરશે લાલ આંખ?

આ વાયરલ વીડિયો સામે આવ્યા બાદ હવે બનાસકાંઠા જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ મામલે ક્યારે જાગશે અને જવાબદાર ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓ તથા બુટલેગરો સામે કાયદાનો સપાટો બોલાવીને કડક કાર્યવાહી કરશે કે પછી હંમેશની જેમ કાગળ પર તપાસના નાટક કરીને મામલો રફેદફે કરી દેવામાં આવશે, તે જોવાનું રહ્યું! પ્રજાની આંખમાં ધૂળ નાખીને ચાલતા આ દારૂના વેપાર સામે જનતા હવે આરપારની લડાઈના મૂડમાં છે.

## એક નજર...

### વ્હાઈટ આઉટફિટમાં અદિતી બુધાઠોકીનો ગોર્જિયસ અંદાજ



ફેમસ નેપાળી અભિનેત્રી અદિતિ બુધાથોકીને કોઈ અલગ ઓળખની જરૂર નથી. અદિતિ બુધાથોકી તેની ગ્લેમરસ સ્ટાઈલ માટે જાણીતી છે. આ દરમિયાન, અદિતિની લેટેસ્ટ તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી છે, જેમાં અદિતિ બુધાથોકીએ ફરી એકવાર તેના ગ્લેમરસ લુકથી ઈન્ટરનેટ પર હલચલ મચાવી રહી છે.

## NEWS TRACK

### જયશંકરે કહ્યું- જ્યારે પાકિસ્તાનની પાછળ આખી દુનિયા ઊભી હતી: ત્યારે ભારત સાથે રશિયા હતું

વિદેશ મંત્રી એસ. જયશંકરે રવિવારે કહ્યું કે જ્યારે સમગ્ર દુનિયા પાકિસ્તાનની સાથે ઊભી હતી, ત્યારે રશિયાએ ભારતનો સાથ આપ્યો હતો. દિલ્હીમાં મ્યુનિક સિક્યોરિટી કોન્ફરન્સમાં જયશંકરે કહ્યું કે, ભારત-રશિયા સંબંધો લાંબા સમયથી સારા રહ્યા છે. નવી દિલ્હી માટે મોસ્કો સાથેના સંબંધો માત્ર આજની પરિસ્થિતિથી નક્કી થતા નથી. રશિયાએ છેલ્લા 70 વર્ષમાં કાશ્મીર સહિત 4 મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ભારતનું સમર્થન કર્યું છે. રશિયાએ UNમાં ભારત માટે વીટોનો ઉપયોગ કર્યો હતો. 20 ફેબ્રુઆરી 1957ના રોજ ઓસ્ટ્રેલિયા, ક્યુબા, બ્રિટન અને અમેરિકાએ કાશ્મીરને લઈને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં એક ઠરાવ રજૂ કર્યો હતો. તેમાં કાશ્મીરમાં અસ્થાયી સંયુક્ત રાષ્ટ્ર દળ મોકલવાના વિચારને આગળ વધારવાની વાત હતી. ઠરાવને 9 દેશોનું સમર્થન મળ્યું, પરંતુ રશિયા (તે સમયે સોવિયેત સંઘ)એ વીટો કરી દીધો, તેથી ઠરાવ પસાર થયો નહીં. તેના એક દિવસ પછી, 21 ફેબ્રુઆરી 1957ના રોજ બીજો ઠરાવ રજૂ કરવામાં આવ્યો.

### કિમ જોંગ-ઉને જાપાન-અમેરિકાને ધ્રુજાવ્યા: 1000 કિમી રેન્જ ધરાવતી ઘાતક હાઇપરસોનિક મિસાઇલનું સફળ પરીક્ષણ

નોર્થ કોરિયાએ પૂર્વીય દરિયામાં આશરે 1000 કિલોમીટર દૂર લક્ષ્ય પર સચોટ પ્રહાર કરતી મધ્યમ અંતરની હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ કરીને જાપાન અને અમેરિકાને ધ્રુજાવી દીધા છે. 2026માં 10થી વધુ મિસાઈલ પરીક્ષણો કર્યા. સરકારી ન્યૂઝ એજન્સીના જણાવ્યા મુજબ, દેશના સૈનિકોને હાઈપરસોનિક હથિયારો ચલાવવાની તાલીમ આપવા અને યુદ્ધ સમયે દેશની પ્રતિકાર ક્ષમતા ચકાસવા માટે આ પરીક્ષણ હાથ ધરાયું હતું. વર્ષ 2026માં નોર્થ કોરિયા દ્વારા કરવામાં આવેલા 10થી વધુ મિસાઈલ પરીક્ષણોની શ્રેણીમાં આ તાજેતરનું પરીક્ષણ છે. કિમ જોંગ-ઉનની હાજરીમાં મિસાઈલ લોન્ચ કરાઈ. નોર્થ કોરિયાના સુપ્રીમ લીડર કિમ જોંગ-ઉન (Kim Jong-un)ની સીધી દેખરેખ હેઠળ આ મિસાઈલ લોન્ચ કરવામાં આવી હતી. તેમણે આ પરીક્ષણને દેશની સુરક્ષા માટે અત્યંત જરૂરી એવો પ્રતિકાર ક્ષમતાનો અભ્યાસ ગણાવ્યો હતો. જાપાનની બહાર પડી મિસાઈલ. કિમ જોંગ-ઉનની બહેન કિમ યો-જોંગે હવામાન ચકમો આપતી મિસાઈલના ભરપુર વખાણ કર્યા છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# ગાંધીનગર મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચાર અને ચૂંટણી ખર્ચના કૌભાંડ પર ઢાંકપિછોડો

## પાંચ વર્ષની લાંબી તારીખ પે તારીખની નાટકબાજી બાદ એ જ 'શિસ્તબદ્ધ' નેતાઓને ફરી ટિકિટો આપીને પ્રજાના મોઢા પર તમાચો મારતી ભાજપની નીતિ સામે સળગતા સવાલો!

**ગાંધીનગર, ( પવન માકન)**

પાટનગર ગાંધીનગરની ગાદી પર બેસનારા નેતાઓની અસલિયત અને વહીવટી તંત્રની મિલીભગતની એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી કહાની સામે આવી છે. વર્ષ ૨૦૨ની ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી વખતે જે કારનામાં આચરવામાં આવ્યા હતા, તેણે લોકશાહી અને ચૂંટણી પંચની પારદર્શિતાના ધજાગરા ઉડાવી દીધા છે. ચૂંટણીના ઈતિહાસમાં ક્યારેય ન બન્યું હોય તેવું અદ્દ્ભુત ચમત્કારિક જોડાણ જોવા મળ્યું હતું, જ્યાં ૪૧ વિજેતા નગરસેવકોએ એકે-એક રૂપિયાનો હિસાબ સરખો કરીને એકસરખો ૧.૩૩ લાખ રૂપિયાનો ચૂંટણી ખર્ચ રજૂ કર્યો હતો! આ અનોખી 'ગણિતશાસ્ત્રીય શિસ્ત' જોઈને કડક ગણાતું ચૂંટણી તંત્ર પણ ગોથા ગયું હતું.

સવાલો એ ઊભા થાય છે કે આટલી મોટી શંકાસ્પદ સમાનતા અને ગોટાળા સામે તપાસ કરવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગરની ધરતી પર એક પછી એક કુલ ૬ કલેક્ટરો આવ્યા અને પોતાની મુદત પૂરી કરીને ચાલ્યા ગયા, પરંતુ કોઈ એક પણ કલેક્ટર આ કેસમાં કોઈ નક્કર કે કડક નિર્ણયના અંત સુધી કેમ ન પહોંચી શક્યા? વહીવટી તંત્ર દ્વારા માત્ર 'તારીખ પે તારીખ' આપીને સરકારી પ્રક્રિયાના નામે લાંબા સમય સુધી માત્ર નાટક ભજવવામાં આવ્યું. બીજી તરફ, મેયર સહિતના ભ્રષ્ટ પદાધિકારીઓ સમય લંબાવવાની ભીખ માંગતા રહ્યા અને જોતજોતામાં પાંચેય વર્ષ પૂરા થઈ ગયા! શું આ વહીવટી તંત્રની નબળાઈ હતી કે પછી કોઈ ઉપરના મોટા રાજકીય દબાણનું પરિણામ?

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખને સીધો અને સળગતો સવાલ: શિસ્તના નામે કૌભાંડને છાવરવાનું ક્યાં સુધી ચાલશે?

હવે જ્યારે ગાંધીનગરમાં નવી મ્યુનિસિપલ ચૂંટણીના ઢોલ વાગી રહ્યા છે, ત્યારે પ્રજાની આંખમાં ધૂળ નાખવાનો પર્યાય બની ચૂકેલી આ જ ભ્રષ્ટ સિસ્ટમનો ખેલ ફરી શરૂ થયો છે. પેલા ૪૧ માંથી ૧૨ જેટલા વિવાદાસ્પદ સભ્યોને પાર્ટી દ્વારા ફરીથી મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા છે! જે નેતાઓ પર ચૂંટણી ખર્ચના ગંભીર સવાલો અને શંકાઓ હતી, તેમને જ ફરીથી ઈનામરૂપે ટિકિટો આપી દેવામાં આવી છે. આ દ્રશ્ય જોઈને પાયાના અને વર્ષોથી પક્ષ માટે લોહી રેડનારા વફાદાર કાર્યકરો લાચાર બનીને ફરી એકવાર શેરીએ-શેરીએ પરસેવો વહાવવા મજબૂર બન્યા છે.

આજે ગુજરાત પ્રદેશ ભાજપના મોવડી મંડળ અને પ્રદેશ પ્રમુખ સમક્ષ જનતા સીધા અને સણસણતા સવાલો પૂછી રહી છે:

1. જ્યારે પક્ષ 'શિસ્ત અને પ્રામાણિકતા'ના મોટા-મોટા પાઠ ભણાવે છે, ત્યારે ૧.૩૩ લાખનો એકસરખો શંકાસ્પદ ખર્ચ રજૂ કરનારા આ શંકાસ્પદ નેતાઓ પ્રત્યે અઢળક પ્રેમ કેમ ઉભરાઈ આવ્યો?

2. પાંચ વર્ષ સુધી ચૂંટણી ખર્ચની ફાઈલો પરથી પડદો કેમ ન હટ્યો? શું સત્તાના જોરે આ ભ્રષ્ટાચાર પર હંમેશાં માટે પડદો પાડી દેવાનું નેતૃત્વનું કાવતરું હતું?

3. જે નેતાઓ પર ગંભીર સવાલો ઊભા થયા હોય, તેમને જ ફરીવાર ટિકિટ આપવી એ શું પક્ષની નૈતિકતાનું ધોવાણ નથી? શું ગાંધીનગરના લોકોએ ભ્રષ્ટાચારના સમર્થન માટે જ મતદાન કરવાનું?

પ્રજા હવે બધું જ જોઈ રહી છે. ચૂંટણીના નામે ચાલતી આ સાઠગાંઠ અને ભ્રષ્ટ નીતિઓ સામે હવે જનતા અને જાગૃત કાર્યકરો આરપારની લડાઈ લડવાના મૂડમાં છે!

## ખેડામાં ખાખી અને વકીલાતનું સૌથી શરમજનક કૌભાંડ : મહુધા પોલીસ સ્ટેશનમાં અઢી લાખની લાંચ લેતા વકીલની એસીબી દ્વારા ધરપકડ

**નડિયાદ/મહુધા**

ગુજરાત પોલીસ બેડામાં ભ્રષ્ટાચારના કેન્સર જેવું દૂષણ હવે કઈ હદ સુધી વ્યાપી ચૂક્યું છે, તેનું વધુ એક નગ્ન અને સનસનાટીભર્યો પર્દાફાશ ખેડા જિલ્લામાં થયો છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેની પવિત્ર જવાબદારી છે, તે જ ખાખીધારીઓ અને ન્યાયનું મંદિર ગણાતા વકીલ વ્યવસાયના એક કાળા વરુએ મળીને વેપારીઓ પાસેથી ઉઘાડી લૂંટ ચલાવવાનો ખેલ શરૂ કર્યો હતો. મહુધા પોલીસ સ્ટેશનની હદમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. નરેન્દ્રસિંહ જીલુભા ચાવડા અને વકીલ જસ્ટીસ કાળીદાસ રોહિતે ભેગા મળીને એક વેપારી પાસે રૂા. ૨,૫૦,૦૦૦/- (અઢી લાખ રૂપિયા) ની તોડબાજી અને લાંચ માંગવાના પ્રકરણમાં એસીબી (ACB) એ સપાટો બોલાવી દીધો છે.

લાંચના આ ગંદા ખેલમાં વકીલ જસ્ટીસ રોહિત રંગે હાથે ઝડપાઈ ગયો છે, જ્યારે પોલીસકર્મી નરેન્દ્રસિંહ ખાખીની આબરૂ ધૂળમાં મિલાવીને ભોંયરામાં છુપાઈ ગયો છે! પ્રાપ્ત વિગતો અનુસાર, આ કેસના ફરિયાદી અને તેમનો પુત્ર જુદી-જુદી કંપનીના ડીટરજન્ટ પાઉડર તથા તેને લગતી ચીજવસ્તુઓનો વેપાર કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ગત તારીખ ૦૧/૧૦/૨૦૨૬ ના રોજ વકીલ જસ્ટીસ રોહિતે ફરિયાદીના પુત્ર અને તેમના પાર્ટનરને પકડી લીધા હતા અને ભય ઊભો કર્યો હતો કે, 'તમે મહુધાના વેપારીઓ સાથે છેતરપિંડી કરી છે!' એટલું જ નહીં, વેપારીઓના માલ ભરેલા ટેમ્પાને પણ જબરદસ્તીથી મહુધા પોલીસ સ્ટેશનમાં બેસાડી દેવામાં આવ્યો હતો.

## છોટાઉદેપુરના ધંધોડામાં રેતી માફિયાઓની ઘોર બેદરકારીએ લીધો નિર્દોષ યુવકનો ભોગ: મૃતદેહ સાથે ઘટનાસ્થળે ઉગ્ર વિરોધ!

**છોટાઉદેપુર**

ગુજરાતમાં બેફામ બનેલા રેતી માફિયાઓ અને તંત્રની મિલીભગત હવે સામાન્ય લોકોના જીવ લેવા પર ઉતરી આવી છે. છોટાઉદેપુર જિલ્લાના ધંધોડા ગામે રેતીની લીઝના પાપ અને ખુલ્લા ખાડાઓએ એક નિર્દોષ યુવકનો ભોગ લઈ લીધો છે. સિમલ ફળિયામાં રહેતો યુવક ઘર માટે મકાઈ લેવા માટે નીકળ્યો હતો, પરંતુ તેને ક્યાં ખબર હતી કે આ તેની જિંદગીની આખરી સફર સાબિત થશે! ધંધોડા વિસ્તારમાં રેતીની લીઝના કારણે પડેલા અસુરક્ષિત અને ઊંડા ખાડાઓમાં પડી જવાથી પાણીમાં ડૂબી જવાથી આ યુવકનું દર્દનાક મોત નીપજ્યું છે. આ ઘટના બાદ સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે અને ગ્રામજનોનું લોહી ઉકળી ઉઠ્યું છે!

ઘટનાની જાણ થતાં જ મૃતકના પરિવારજનો અને મોટી સંખ્યામાં રોષે ભરાયેલા ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોનો આક્રોશ એટલો ભયાનક હતો કે પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરિવારજનોએ મૃતદેહને અંતિમ સંસ્કાર માટે ઘરે લઈ જવાને બદલે સીધો ઘટનાસ્થળે જ પાછો લાવીને મૂકી દીધો હતો! ગ્રામજનોએ ચીખ અંદાજમાં એલાન કરી દીધું હતું કે, 'જ્યાં સુધી આ માનવઘાતક ખાડાઓ માટે જવાબદાર રેતી માફિયાઓ અને ભ્રષ્ટ અધિકારીઓ સામે કાયદેસરની કડક કાર્યવાહીની લેખિત ખાતરી નહીં મળે, ત્યાં સુધી મૃતદેહ અહીંથી એક ઈંચ પણ ખસેડવામાં નહીં આવે!'

## સ્વચ્છતા અભિયાનના દાવાઓની એસી-તૈસી: ખેડાના ઠાસરામાં મુખ્ય માર્ગો પર ત્રણ દિવસથી ગંદા પાણી ભરાતા સ્થાનિકો ત્રાહિમામ!

**ઠાસરા**

દેશ અને રાજ્યભરમાં 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત લાખો-કરોડો રૂપિયાના ખર્ચે સફાઈના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ ખેડા જિલ્લાના ઠાસરા શહેરમાં તંત્રની પોલ ખુલ્લી પડી ગઈ છે. ઠાસરા શહેરના મુખ્ય માર્ગો પર છેલ્લા ત્રણ દિવસથી ગંદા અને દુર્ગંધયુક્ત પાણી ભરાયેલા હોવા છતાં નગરપાલિકાના કુંભકર્ણી નિદ્રામાં સોય પણ હલતી નથી. પ્રશાસનની આ ઘોર બેદરકારી અને નબળી કામગીરીના કારણે સ્થાનિક રહેવાસીઓ, વેપારીઓ અને રાહદારીઓ અત્યંત નર્કાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. મળતી માહિતી મુજબ, ઠાસરા શહેરના મુખ્ય ચોક અને અતિ વ્યસ્ત ગણાતા માર્ગો પર ગટર ઉભરાવાને કારણે અથવા ડ્રેનેજ લાઈન ચોક થઈ જવાથી છેલ્લા ત્રણ દિવસથી પાણીનો ભરાવો થયો છે. રસ્તાઓ પર તળાવ જેવા દ્રશ્યો સર્જાયા છે. આ ગંદુ અને કાદવયુક્ત પાણી સતત ભરાઈ રહેવાને કારણે આસપાસના વિસ્તારમાં ભયંકર દુર્ગંધ ફેલાઈ ગઈ છે, જેના લીધે લોકોનું ઘરમાંથી બહાર નીકળવું પણ દુર્લભ બની ગયું છે. એક તરફ સરકાર સ્વચ્છતા અને આરોગ્યની મોટી મોટી વાતો કરે છે, તો બીજી તરફ ઠાસરાના મુખ્ય માર્ગો પર સડતા ગંદા પાણી મચ્છરોનું ઉત્સત્ત સ્થાન બની ગયા છે.

## ખોરજની સોસાયટીમાં વૃદ્ધાની એકાંતનો લાભ લઈ બે લૂંટારૂ ત્રાટક્યા, 1 લાખની ખંડણી નહીં સંતોષાતા ચપ્પાથી ઘા ઝીંક્યા

**ગાંધીનગર**

ગાંધીનગરના ખોરજ ગામની સીમમાં શનિવારે રાત્રે એક હચમચાવી નાખતી ગંભીર ઘટના સામે આવી છે. સારંગ લેકવ્યુ ફ્લેટ ખાતે રહેતા 64 વર્ષીય વૃદ્ધા મીતાબેન ઉમેશભાઈ પટેલ ઘરમાં એકલા હોવાનો લાભ લઈને બે બુકાનીધારી લુટારુઓ ઘરમાં ઘુસી ગયા હતા. બાદમાં વૃદ્ધાને બાનમાં લીધા છતાં એક લાખની ખંડણી નહીં સંતોષાતા લૂંટારૂઓ ચપ્પાના આડેધડ ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કરી નાસી છૂટ્યા હતા. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખોરજ સારંગ લેકવ્યુ ફ્લેટ ડી 802માં મીતાબેન પટેલ તેમના પુત્ર અનુજભાઈ અને પુત્રવધૂ હિરલબેન સાથે ફ્લેટમાં રહે છે. ગઈકાલે સાંજે સાડા સાત વાગ્યે તેમના પુત્ર અનુજભાઈ તેમની બહેન નેહાને અમદાવાદ સેટેલાઈટ ખાતેના ઘરે મૂકવા માટે ગયા હતા. આ સમયે ઘરમાં મીતાબેન બિલકુલ એકલા હતા. રાત્રિના અંદાજે નવેક વાગ્યાના અરસામાં મીતાબેન જમી પરવારીને પોતાના ઘરની અંદર બેઠા હતા અને મુખ્ય દરવાજો ખુલ્લો હતો.

### આત્મશુદ્ધિનો પવિત્ર સંદેશ અને ક્ષમાભાવની દિવ્ય સુગંધ

## સુરતના સિટીલાઈટ ખાતે ભવ્ય ક્ષમાપના સ્વામીવાત્સલ્ય અને તપસ્વી બહુમાન મહોત્સવમાં મંત્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિ

**સુરત**

જૈન ધર્મના શાશ્વત અને પવિત્ર આરાધના પર્વ પર્વાધિરાજ પર્યુષણની દિવ્ય પૂર્ણાહુતિ બાદ સુરતના પોશ અને ધમધમતા સિટીલાઈટ વિસ્તારમાં એક અત્યંત ભવ્ય, પ્રેરણાદાયી અને મનમોહક ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ધાનેરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજ દ્વારા આયોજિત આ વિશેષ 'ક્ષમાપના સ્વામીવાત્સલ્ય તથા તપસ્વી બહુમાન કાર્યક્રમ'માં ગુજરાત રાજ્યના ઉર્જા અને ગૃહ રાજ્ય મંત્રી



હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન અવસરે તેમણે કઠિન તપસ્યા અને આરાધના કરનાર તપસ્વી આત્માઓની અદભુત સાધનાને ભાવવંદના અર્પણ કરી હતી અને ઉપસ્થિત હજારો શ્રાવક-શ્રાવિકાઓને હૃદયપૂર્વક અનુમોદના પાઠવી હતી. કાર્યક્રમને સંબોધતા અને તપસ્વીઓનું ભવ્ય બહુમાન કરતા મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, જૈન ધર્મ આપણને માત્ર બાહ્ય ધાર્મિક ક્રિયાઓ કે વિધિઓ જ નથી શીખવતો, પરંતુ જીવન જીવવાની સાચી કળા અને ઉત્તમ જીવનમૂલ્યો પ્રદાન કરે છે. જૈન ધર્મ અનુસાર 'ક્ષમા' એ માત્ર બોલવા કે કહેવા માટેનો કોઈ સામાન્ય શબ્દ નથી, પરંતુ તે આત્માને સર્વથા નિર્મળ, પવિત્ર અને મુક્ત બનાવવાની એક અત્યંત ઉચ્ચ કોટિની સાધના છે. તેવી જ રીતે, 'તપ' એ માત્ર અન્ન-જળનો ત્યાગ કે સામાન્ય ઉપવાસ નથી, પરંતુ તે માનવ માત્રની આંતરિક આત્મશક્તિને ઉજાગર કરવાનું અમોઘ માધ્યમ છે.

## અંકલેશ્વરમાં હવસખોરની કરતૂત: સ્પા સંચાલિકાની સગીર દીકરીને લગ્નની લાલચ આપી દુષ્કર્મ, બે મહિલા મદદગારો જેલની હવાલે!

**અંકલેશ્વર (રંગુની જાકીર, ભરૂચ)**

ઔદ્યોગિક નગરી અંકલેશ્વરમાંથી એક અત્યંત શરમજનક અને હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. અહીં એક ૧૬ વર્ષીય સગીરાને પોતાની હવસનો શિકાર બનાવનાર નરાધમે માનવતાની તમામ હદો વટાવી દીધી છે. સગીરાની માતા મુંબઈ ગઈ હોવાનો અને ઘર ખાલી હોવાનો ગેરલાભ ઉઠાવીને અહેમદ હુસેન શેખ ઉર્ફે કેફે નામના શખ્સે સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ચોંકાવનારી ફરિયાદ નોંધાઈ છે. આ કેસમાં પોલીસે મુખ્ય આરોપીની મદદ કરનાર બે મહિલાઓની ધરપકડ કરી કાયદાનો સકંજો કસ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અંકલેશ્વરમાં રહેતી એક મહિલા (જેઓ સ્પા સંચાલિકા છે) કોઈ કામસર મુંબઈ ગઈ હતી. આ વાતની જાણ અહેમદ હુસેન શેખ ઉર્ફે કેફને થઈ હતી. તેણે સગીરાની આ એકલતાનો ભરપૂર લાભ ઉઠાવ્યો હતો. ગત ૧૪ અને ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ આરોપી અહેમદ સગીરાના ઘરે ઘૂસી ગયો હતો અને તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા. એટલું જ નહીં, આરોપીએ ભોળી સગીરાને લગ્નની લાલચ આપીને વારંવાર પોતાની જાળમાં ફસાવી હતી. આ સમગ્ર પ્રકરણમાં માત્ર મુખ્ય આરોપી જ નહીં, પરંતુ અન્ય બે મહિલાઓ પણ ગુનાની ભાગીદાર બની હોવાનું સામે આવ્યું છે.

## શીતળાઈ તળાવ માર્ગ પર કચરાના ઢગ અને દેશી દારૂની પોટલીઓ વચ્ચે કોંગ્રેસના ખેસ રઝળતા મળ્યા

**ડભોઇ**

ડભોઈ: ડભોઈ નગરમાં રાજકીય પક્ષોના પ્રતીક સમાન પક્ષના ખેસની કદર કચરાપેટીમાં થતી હોય તેવો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવતાં નગરમાં ભારે ચર્ચા અને રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. શીતળાઈ તળાવ તરફ જવાના રસ્તા પાસે કચરાના ઢગલામાંથી કોંગ્રેસ પક્ષના ખેસનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવતા નગરના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શીતળાઈ તળાવ માર્ગ પર ગંદકીના ઢગલા, એઠવાડ અને દેશી દારૂની ખાલી પોટલીઓ જ્યાં-ત્યાં ફેંકાયેલી પડી રહે છે. આ અસામાજિક અને ગંદકીભર્યા સ્થળે કચરાના ઢગલા વચ્ચેથી કોંગ્રેસ પક્ષના ખેસ રઝળતી હાલતમાં જોવા મળ્યા હતા. અગાઉ આ જ પ્રકારે નગરના વિવિધ વિસ્તારોમાં ભાજપના ખેસ રસ્તા પર કે કચરામાં ફેંકાયેલા જોવા મળતા હતા, ત્યારે હવે આ લિસ્ટમાં કોંગ્રેસનો પણ સમાવેશ થઈ ગયો છે.

ઉલ્લેખનીય છે કે ડભોઈ નગરપાલિકામાં હાલ કોંગ્રેસ પક્ષનું બહુમત સાથે શાસન ચાલી રહ્યું છે. જે પક્ષ સત્તા પર હોય તેના જ પક્ષના પ્રતિષ્ઠિત ગણાતા ખેસ આ રીતે દારૂની ખાલી પોટલીઓ અને ગંદકીના ઢગલા વચ્ચે રઝળતા જોવા મળતાં સ્થાનિક નાગરિકો તેમજ અન્ય પક્ષોમાં અનેક તર્કવિતર્કો શરૂ થયા છે.

લોકોમાં ઉઠતા સવાલો: આટલી મોટી સંખ્યામાં પક્ષના ખેસ કચરાના ઢગલામાં કોણે ફેંક્યા?

શું આ પક્ષના જ કોઈ અસંતુષ્ટ કે બેજવાબદાર હોદ્દેદારોનું કૃત્ય છે, કે પછી પક્ષને બદનામ કરવાનું કોઈ વિરોધીઓનું આયોજિત ષડયંત્ર છે? શું કોંગ્રેસ સંગઠન



આ બાબતને ગંભીરતાથી લઈ કોઈ આંતરિક તપાસ હાથ ધરશે કે પછી 'સબ ચલતા હૈ' ની નીતિ અપનાવી મામલો રફેદફે કરશે? પક્ષના પ્રતીકની આવી અવદશા સામે આવતાં હવે કોંગ્રેસના સ્થાનિક મોવડીમંડળ અને પદાધિકારીઓ આ મામલે શું સ્પષ્ટતા કરે છે અને શું કાર્યવાહી કરે છે તેના પર સમગ્ર નગરની નજર ટકેલી છે.

### 'માફી માંગવાનો સવાલ જ નથી, હું ચીલાચાલુ નેતા નથી...'

## મેલું ઉપાડવાના નિવેદન બાદ વિવાદ થતા શંકરસિંહ વાઘેલાનો વળતો પ્રહાર

**ગાંધીનાર**

નર્મદાના સાગબારામાં 'મેલું ઉપાડવા' અંગેના નિવેદન પર પૂર્વ CM શંકરસિંહ વાઘેલા અડગ છે. રાજ્યભરમાં સવર્ણ સમાજનો વિરોધ છતાં, તેમણે માફી માંગવાનો ઈનકાર કર્યો છે. વાઘેલાએ જણાવ્યું કે, તેમનું નિવેદન ભાજપ સરકાર અને અનામત વિરોધીઓ માટે હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે, SC, ST, OBC ગુજરાતના સાચા માલિક છે. બ્રહ્મસમાજ અને પાટીદાર સમાજે 3 દિવસમાં માફી ન માંગે તો 'વસંત વગડો' ઘેરવાની ચીમકી ઉચ્ચારી છે. નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં આદિવાસી સમાજની વિરોધ સભા દરમિયાન 'મેલું ઉપાડવા' અંગે આપેલા નિવેદન બાદ રાજ્યભરના સવર્ણ સમાજમાં ઉઠેલા વિરોધ અને આક્રોશ વચ્ચે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની



આકરી પ્રતિક્રિયા સામે આવી છે. વિરોધ કરનારાઓને વળતો જવાબ આપતાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે તે પોતાના નિવેદન બદલ માફી માંગશે નહીં. મેલું ઉપાડવા અંગે આપેલા નિવેદન પર થયેલા વિવાદ અંગે સ્પષ્ટતા કરતાં શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, 'દુઃખી આદિવાસી ખેડૂતો સાથેના સંવાદમાં મેં જે નિવેદન આપ્યું તેના પર ભાજપના લોકો સમજ્યા વગર મચી પડ્યા છે. હું ક્યારેય કોઈ નિવેદન ફેરવી તોળતો નથી, તેથી માફી માંગવાનો કોઈ સવાલ જ નથી ઉપસ્થિત થતો.' પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, 'ગુજરાત અને કેન્દ્રની ભાજપ સરકાર અનામત વિરોધી છે. મેં જે નિવેદન આપ્યું તે અનામત વિરોધી લોકો માટે હતું. મારો કહેવાનો અર્થ એ હતો કે જે લોકોએ વર્ષો સુધી મેલું ઉપાડ્યું છે તેનું વળતર અનામત છે. મારું નિવેદન ભાજપ માટે હતું અને ભાજપને પેટ ચોળીને દર્દ ઊભું કરવાની ટેવ છે. મારી સામે કોમેન્ટ કરતાં પહેલાં વિચારજો, મારી સામે મજાક ના કરતા હું ચીલાચાલુ નેતા નથી.'

## ખેડાના ઉંઢેલામાં ગરબા પર પથ્થરમારો કરનારા ઉપદ્રવીઓ પર પોલીસનો સપાટો: એલસીબી પીઆઇ એ.વી. પરમારે જાહેરમાં થાંભલે બાંધીને ફટકાર્યા!

### પોલીસની આ આક્રમક અને દાખલારૂપ કાર્યવાહીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ ભારે ચર્ચાનો વિષય બન્યો છે, જનતામાં એવી ચર્ચા છે કે ધાર્મિક ઉત્સવો અને સામાન્ય પ્રજા પર પથ્થરમારો કરનારાઓ માટે આ જ પ્રકારની કડક કાર્યવાહી અનિવાર્ય છે

**ખેડા**

રાજ્યના ખેડા જિલ્લાના માતર તાલુકાના ચર્ચાસ્પદ ઉંઢેલા ગામમાં નવરાત્રીના પાવન અવસરે ગરબાની રાત્રે અશાંતિ ફેલાવનારા અને નિર્દોષ લોકો પર જીવલેણ હુમલો કરનારા અસામાજિક તત્વો સામે ખાખીનો રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યો છે. આઠમની રાત્રે ગરબાના રંગમાં ભંગ પાડવા માટે અચાનક પથ્થરમારો કરીને આઠથી વધુ ગ્રામજનોને ગંભીર રીતે ઘાયલ કરનાર દસથી વધુ વિધર્મી પથ્થરબાજોને ખેડા એલસીબી (LCB) ના ઈન્ચાર્જ પીઆઈ એ.વી. પરમારે જાહેરમાં કાયદાનો પાઠ ભણાવ્યો હતો. ગામલોકોની હાજરીમાં આ ઉપદ્રવીઓને વીજળીના થાંભલા સાથે જકડીને જાહેરમાં ધોલાઈ કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઉંઢેલા ગામે નવરાત્રીના આઠમના મહાપર્વ નિમિત્તે માતાજીના ગરબા ચાલી રહ્યા હતા અને મોટી સંખ્યામાં ગ્રામજનો શ્રદ્ધાપૂર્વક ઉત્સવ ઉજવી રહ્યા હતા. તે સમયે પૂર્વ આયોજિત કે એકાએક ઉશ્કેરાટ ફેલાવવાના ઈરાદે આવેલા કેટલાક શખ્સોએ અચાનક જ ગરબાના આયોજન પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. આ અચાનક થયેલા હુમલામાં આઠથી વધુ નિર્દોષ નાગરિકો લોહીલુહાણ થયા હતા અને ભારે નાસભાગ તથા ડરનો માહોલ સર્જાયો હતો. ધાર્મિક ઉત્સવમાં ખલેલ પહોંચાડીને ગામની શાંતિ ડહોળવાના આ કૃત્યથી સમગ્ર પંથકના લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો. ઘટનાની ગંભીરતાને પારખીને ખેડા એલસીબીની ટીમ તાત્કાલિક હરકતમાં આવી હતી. એલસીબી પીઆઈ એ.વી. પરમારે પોતાની ટીમ સાથે ઉંઢેલા ગામ પહોંચીને તોફાની તત્વોની ધરપકડ કરી હતી. જે બાદ, કાયદો અને વ્યવસ્થાના કડક સંદેશ રૂપે અને પથ્થરબાજોના મનોબળને તોડી નાખવા માટે તેમને ઘટનાસ્થળે જ લાવીને થાંભલે બાંધવામાં આવ્યા હતા. પીઆઈ એ.વી. પરમાર અને તેમની ટીમે ગ્રામજનોની સાક્ષીમાં આ પથ્થરબાજોને જાહેરમાં કાયદાનો ડર બતાવતા ધડાધડ ફટકાર્યા હતા.

### ડભોઇમાં માનવ જિંદગી સાથે ઘાતક ખેલ

# વેરાઈ માતા વસાહત નજીક રાત્રિના અંધારે બાયોમેડિકલ કચરો સળગાવવાનું મોટું કૌભાંડ!

## સિરીંજ, સોય અને ચેપી મેડિકલ વેસ્ટના ખુલ્લેઆમ ઢગલા કરી લગાવાઇ રહી છે આગ; ઝેરી ધુમાડા અને અસહ્ય દુર્ગંધથી સ્થાનિક રહીશોનું જીવવું હરામ



ડભોઇ

ડભોઇ નગરમાંથી એક અત્યંત ચોંકાવનારો અને માનવ સ્વાસ્થ્ય સાથે સીધા ગંભીર ચેડાં કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ડભોઇ સ્થિત વેરાઈ માતા વસાહતની સીમ વિસ્તારમાં અસામાજિક તત્વો અને બેજવાબદાર હોસ્પિટલ-ક્લિનિક સંચાલકો દ્વારા રાત્રિના અંધારાનો ગેરલાભ ઉઠાવીને પ્રતિબંધિત અને અત્યંત જોખમી બાયોમેડિકલ કચરો ખુલ્લેઆમ ઠાલવવામાં આવી રહ્યો છે અને એટલું જ નહીં, તેને સળગાવીને મોટું કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે.

મળતી વિગતો અનુસાર, વેરાઈ માતા વસાહતની આસપાસના સીમ વિસ્તારોમાં મોડી રાત્રે અજાણ્યા વાહનો દ્વારા હોસ્પિટલોનો અત્યંત જોખમી કચરો લાવીને ફેંકી દેવામાં આવે છે. આ કચરામાં મોટા પ્રમાણમાં વપરાયેલી સિરીંજ, ઈન્જેક્શનની સોય, દવા તથા ગ્લુકોઝની કાચ-પ્લાસ્ટિકની બોટલો, લોહીથી ખરડાયેલા પાટા-કોટન તેમજ અન્ય ચેપી મેડિકલ વેસ્ટના ગંજ જોવા મળી રહ્યા છે. સૌથી મોટો અને ચિંતાનો વિષય એ છે કે આ કચરાનો નિય યોગ્ય વૈજ્ઞાનિક નિકાલ કરવાના બદલે તેને જાહેરમાં જ આગ ચાંપી દેવામાં આવે છે. પ્લાસ્ટિક, કેમિકલ અને ચેપી પદાર્થો સળગવાના કારણે આસપાસના સમગ્ર વાતાવરણમાં અત્યંત ઝેરી ધુમાડો અને તીવ્ર દુર્ગંધ ફેલાય છે, જેના લીધે સ્થાનિક રહીશોમાં શ્વાસ લેવામાં તકલીફ, ગૂંગળામણ અને ભવિષ્યમાં ગંભીર બીમારીઓ ફેલાવાનો ભય તોળાઈ રહ્યો છે. સરકાર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સ્પષ્ટ નિયમો અનુસાર, કોઈપણ ખાનગી કે સરકારી હોસ્પિટલે બાયોમેડિકલ વેસ્ટના સુરક્ષિત નિકાલ માટે માત્ર અધિકૃત અને નિયત એજન્સી મારફતે જ પ્રોસેસ કરાવવાની રહે છે. છતાં પણ, આ સરિયામ નિયમોનો ભંગ કરીને સીમ વિસ્તારમાં ખુલ્લેઆમ કચરો સળગાવવામાં આવી રહ્યો છે. આ ગંભીર બાબતે ડભોઇ નગરપાલિકા અને સ્થાનિક આરોગ્ય વિભાગની કાર્યશૈલી સામે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. શું આરોગ્ય તંત્ર અને નગરપાલિકા શહેરના આ કૌભાંડી અને બેજવાબદાર હોસ્પિટલ સંચાલકો સામે ક્યારેય તપાસ હાથ ધરશે?

## સુરત ક્રાઈમ બ્રાન્ચની મોટી કાર્યવાહી: રૂ. 50 હજારની કિંમતના એમડી ડ્રગ્સ (મેફેડ્રોન) સાથે બે કુખ્યાત શખ્સો ઝડપાયા

સુરત

સુરત શહેરમાં યુવાધન પાયમાલ કરી રહેલા ડ્રગ્સના નેટવર્ક સામે સુરત ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. શહેરમાં ડ્રગ્સનું ધૂમ વેચાણ કરતા અસામાજિક તત્વો સામે બાજ નજર રાખીને બેઠેલી સુરત ક્રાઈમ બ્રાન્ચે એક સચોટ બાતમીના આધારે દરોડો પાડીને ૧૬.૬૯૦ ગ્રામ ઘાતક મેફેડ્રોન (MD Drugs) સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસની આ આક્રમક કાર્યવાહીથી ડ્રગ્સના વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ગુપ્ત બાતમીના આધારે શંકાસ્પદ ઈસમો પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન દરોડો પાડીને પોલીસે બંને આરોપીઓ પાસેથી કુલ ૧૬.૬૯૦ ગ્રામ વજનનું ગેરકાયદેસર મેફેડ્રોન (MD) ડ્રગ્સ કબ્જે કર્યું છે. ઈન્ટરનેશનલ અને સ્થાનિક બજારમાં આ ડ્રગ્સની કિંમત અંદાજે રૂ. ૫૦,૦૦૦ આંકવામાં આવી છે. માત્ર ડ્રગ્સ જ નહીં, પરંતુ આ કાળા કારોબારમાં ઉપયોગમાં લેવાતા સાધનો પણ પોલીસે જપ્ત કર્યા છે. પોલીસે ડ્રગ્સના જથ્થા ઉપરાંત એક ઈલેક્ટ્રિક સ્કૂટર, ડ્રગ્સનું તોલમાપ કરવા માટે વપરાતો ડિજિટલ વજનકાંટો, રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧,૯૬,૦૦૦ (૧.૯૬ લાખ) નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે પકડાયેલા બંને આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ (NDPS Act) હેઠળ સખત ગુનો નોંધીને તેમની સઘન પૂછપરછ શરૂ કરી દીધી છે.

### ડભોઈ પંથકમાં નર્મદા કેનાલની ઘોર બેદરકારી

# કચરાના ઢગલાએ અટકાવ્યું પાણી, છેવાડાના ખેડૂતો મુશ્કેલીમાં!

ડભોઈ

રાજ્યમાં એક તરફ નર્મદાના નીરથી ખેડૂતોના ખેતરો હરિયાળા કરવાના દાવા કરવામાં આવે છે, તો બીજી તરફ તંત્રની અસહાય બેદરકારી અને આખી લાપરવાહીના કારણે ધરતીપુત્રો પાયમાલીના આરે આવીને ઊભા છે. ડભોઈ પંથકમાં નર્મદા કેનાલમાં પાણી છોડવામાં આવ્યું હોવા છતાં, તંત્રની ઘોર લાપરવાહીના કારણે છેવાડાના ખેડૂતો સુધી પાણી પહોંચી શક્યું નથી અને ખેડૂતોનો મહેનતથી ઉગાડેલો પાક સુકાવાની ભીતિ ઊભી થઈ છે.



હાલના સંજોગોમાં વરસાદ ખેંચાતાં અને ચોમાસું નબળું રહેતાં ખેતી પાકને જીવતદાન આપવા માટે ખેડૂતોને સિંચાઈના પાણીની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. તંત્ર દ્વારા કેનાલમાં પાણી તો છોડવામાં આવ્યું છે, પરંતુ નાંદોદી ભાગોળથી થરવાસા ચોકડી વચ્ચે આવેલા નર્મદા કેનાલના નિયમન ગેટ પાસે પ્લાસ્ટિકની બોટલો, કચરાની થેલીઓ અને ગંદકીના વિશાળ ઢગલા ખડકાઈ ગયા છે. આ અઢળક કચરાના કારણે કેનાલનો ગેટ સંપૂર્ણપણે જામ થઈ ગયો છે અને પાણીનો પ્રવાહ આગળ વહી શકતો નથી.

આશ્ચર્ય અને આક્રોશની વાત એ છે કે નર્મદા નિગમની સ્થાનિક કચેરી આ સ્થળથી બિલકુલ નજીકના અંતરે જ આવેલી છે! આમ છતાં, જવાબદાર અધિકારીઓ કે કર્મચારીઓની નજર આ ગંદકી અને બ્લોકેજ પર કેમ નથી પડતી? કે પછી તેઓ જાણીબાઈને આંખ આડા કાન કરી રહ્યા છે? ખેડૂતોનો મોંઘા મોંઘા ખાતર-બિયારણ નાખીને તૈયાર કરેલો પાક પાણી વિના નજર સમક્ષ સુકાઈ રહ્યો છે અને મુરઝાઈ રહ્યો છે, ત્યારે અધિકારીઓની આ નિરસતા અને ઉદાસીનતા સામે ખેડૂતોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

## સુરતના સારોલીમાં કાપડ વેપારી સાથે 1.24 કરોડથી વધુની મસમોટી ઠગાઈ

સુરત

સુરતના કાપડ હબ તરીકે જાણીતા સારોલી વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સારોલી ખાતે એક કાપડ વેપારી સાથે વિશ્વાસઘાત આચરીને રૂ. ૧.૨૪ કરોડથી વધુની કિંમતનો કાપડનો જથ્થો મંગાવીને પેમેન્ટ ન ચૂકવી છેતરપિંડી આચરનાર બે કુશળ ઠગને સારોલી પોલીસે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ કેસની વિગતવાર માહિતી આપતા પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આ બંને આરોપીઓ અત્યંત ચાલાકીથી વેપારીઓને પોતાના જાળમાં ફસાવતા હતા. શરૂઆતના તબક્કામાં આરોપીઓ વેપારી પાસેથી નાના અને મર્યાદિત પ્રમાણમાં કાપડનો જથ્થો ખરીદતા હતા અને સમયસર પેમેન્ટની ચુકવણી પણ કરી દેતા હતા. સતત અને નિયમિત વ્યવહારો થકી આરોપીઓએ વેપારીનો ભરોસો અને વિશ્વાસ સંપૂર્ણપણે જીતી લીધો હતો. વેપારીનો વિશ્વાસ સંતિ કર્યા બાદ આરોપીઓએ મોટો ખેલ પાડ્યો હતો. બંનેએ વિશ્વાસનો લાભ લઈને એકસાથે માતબર રકમનો એટલે કે રૂ. ૧.૨૪ કરોડથી વધુનો મોટો કાપડનો જથ્થો ખરીદી લીધો હતો.

### ઉના બાયપાસ રોડ પરની ઘટના; પોલીસે બ્લડ સેમ્પલ લીધાં

# દીવથી આવતી બોલેરો ટ્રેક્ટર પાછળ ઘૂસતાં એકનું મોત, ત્રણ ઈજાગ્રસ્ત થયા

કૈલૈશ ભટ્ટ ઉના

ગિર સોમનાથ જિલ્લાના ઉના બાયપાસ રોડ પર મોડી રાત્રે પથ્થર ભરેલા ટ્રેક્ટર પાછળ પૂરપાટ ઝડપે આવતી બોલેરો કાર ધડાકાભેર અથડાતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બોલેરો ચાલક યુવકનું ઘટનાસ્થળે જ નીપજ્યું હતું, જ્યારે કારમાં સવાર અન્ય ત્રણ મિત્રો પૈકી એકને ગંભીર અને બે યુવકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. અકસ્માતમાં ગોંડલના યુવકનું કમકમાટીભર્યું મોત ઉના બાયપાસ રોડ પર મોડી રાત્રે પથ્થર ભરેલા ટ્રેક્ટર પાછળ પૂરપાટ ઝડપે ધસી આવેલી બોલેરો કાર જોરદાર ધડાકા સાથે ઘૂસી ગઈ હતી. કાર ચલાવી રહેલા ગોંડલ



તાલુકાના ગુંદાળા ગામના રહેવાસી ક્રિપાલ જયંતિભાઈ ડાભી નામના 30 વર્ષીય યુવકનું ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. બોલેરો કારમાં સવાર અન્ય ત્રણ યુવકો પૈકી જીગ્નેશ પરબતભાઈ મકવાણાને ગંભીર ઈજાઓ થતાં તેમને તુરંત ઉનાની ખાનગી હોસ્પિટલના ICUમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અકસ્માતમાં કુલદીપ કિશોરભાઈ ગણાત્રા અને મનસુખ છગનભાઈ ઉમરખાણીયાને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાથી તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી છે. ગોંડલ તાલુકાના ગુંદાળા ગામના 4 યુવાનો ગઈકાલે ઈણાજ મુકામે કામ અર્થે આવ્યા હતા અને કામ પતાવીને દીવ ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે ઉના-ભાવનગર બાયપાસ રોડ પર પથ્થર ભરેલા ટ્રેક્ટર પાછળ બોલેરો ધડાકાભેર અથડાતાં આ અકસ્માત સર્જાયો હોવાનું હોસ્પિટલના બિછાનેથી ઈજાગ્રસ્ત જીગ્નેશ મકવાણાએ જણાવ્યું હતું. દીવથી પરત ફરતી વખતે અકસ્માત થયો હોવાથી પોલીસે મૃતક ક્રિપાલના બ્લડ સેમ્પલ લઈને દારૂ પીધો હતો કે નહીં તે દિશામાં પણ તપાસ હાથ ધરી છે. આ ઘટનાની વધુ તપાસ એચ. પી. સરવૈયા ચલાવી રહ્યા છે, જ્યારે મૃતક ગુંદાળા ગામના સરપંચ ગોરધન ડાભીનો ભત્રીજો થતો હોવાથી તેઓ પણ ઉના સરકારી હોસ્પિટલે દોડી આવ્યા હતા.

# ગાંધીનગરના રાંદેસણમાં કમરના મણકા તોડી નાખે તેવા બિસ્માર રસ્તાઓ : 'છેલ્લા 5 વર્ષથી રોડનું કામ થયું નથી'

## પાયાની સમસ્યાઓથી સ્થાનિકો ત્રસ્ત, 200 કરોડનો આઇકોનિક રોડ અણઘડ પ્લાનિંગનો જીવતો જાગતો નમૂનો!

ગાંધીનગર

પાટનગર ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં વિકાસના મોટા-મોટા દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. ગાંધીનગર નજીક આવેલા રાંદેસણ ગામે કમરના મણકા તોડી નાખે તેવા અત્યંત બિસ્માર અને ખાડાટેકરાવાળા રસ્તાઓને કારણે સ્થાનિક રહીશો નર્કાગાર જેવી જિંદગી જીવવા મજબૂર બન્યા છે. ગામમાં છેલ્લા 5 વર્ષથી એક પણ નવા રોડનું કામ કરવામાં આવ્યું ન હોવાના ગંભીર આક્ષેપો ઉઠી રહ્યા છે, જેના કારણે પ્રશાસનની બેદરકારી ખુલ્લી પડી ગઈ છે. રાંદેસણ ગામના અંદરના તેમજ મુખ્ય માર્ગોની હાલત એટલી હદે દયનીય બની ગઈ છે



કે વાહન ચલાવવું તો દૂરની વાત છે, પેદલ ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. ચોમાસાની સિઝન હોય કે સામાન્ય દિવસો, અહીંના રસ્તાઓ પર પડેલા મોટા-મોટા ખાડાઓમાં પાણી ભરાવાના કારણે અવારનવાર અકસ્માતો સર્જાય છે. સ્થાનિક નાગરિકો અને રોજબરોજ અવરજવર કરતા વાહનચાલકોની કમરના મણકા હલી જાય તેવી કફોડી સ્થિતિ સર્જાઈ છે, છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. એક તરફ કરોડો રૂપિયાના ખર્ચે બનતા આઈકોનિક રોડ અને વિકાસના મોટા બણગા ફૂંકવામાં આવે છે, તો બીજી તરફ કરોડોના માતબર ખર્ચે તૈયાર થનારા કે આયોજન હેઠળના 200 કરોડના આઈકોનિક રોડ પ્રોજેક્ટ્સ માત્ર અણઘડ પ્લાનિંગ અને ભ્રષ્ટાચારનો નમૂનો બનીને રહી ગયા છે. ગ્રાઉન્ડ ઝીરો પર પાયાની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું છે. માત્ર દેખાડા માટેના પ્રોજેક્ટ્સ પાછળ જનતાના પરસેવાની કમાણીના કરોડો રૂપિયા વેડફાઈ રહ્યા છે, જ્યારે મૂળભૂત રસ્તાઓ માટે લોકો તરસી રહ્યા છે.

### વડોદરાના શ્વાસોશ્વાસ સમાન ઐતિહાસિક કમાટીબાગ બચાવો

# કુદરતી હરિયાળી અને લોનનો નાશ કરીને કોન્ક્રીટનું જંગલ ઊભું કરતા ભ્રષ્ટ સત્તાધીશો સામે જાગૃત નાગરિકોનો ઉગ્ર રોષ!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના હૃદયસમા અને લાખો નાગરિકોની આસ્થા તથા સ્વાસ્થ્ય સાથે જોડાયેલા ઐતિહાસિક કમાટીબાગ (સયાજી બાગ) પર હવે વિનાશક વિકાસના વાદળો ઘેરાયા છે. કમાટીબાગની પવિત્ર અને કુદરતી સુંદરતાને નષ્ટ કરીને ત્યાં કોન્ક્રીટ અને લોખંડના રાક્ષસી સ્ટ્રક્ચરો ઊભા કરવામાં આવી રહ્યા છે. બાગની ખુલ્લી લોન, હરિયાળા વૃક્ષો અને જ્યાં બાળકો રમતા તથા વડીલો મોર્નિંગ



વોક કે કસરત કરતા હતા, તે પવિત્ર જગ્યાને કચડી નાખીને ભ્રષ્ટ કોર્પોરેશનના સત્તાધીશો કમાટીબાગનો ભોગ લઈ રહ્યા છે, જેને લઈને સમગ્ર શહેરમાં ભારે ચકચાર અને રોષ ફેલાઈ ગયો છે. સ્થળ પર જઈને જોવામાં આવે તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે કમાટીબાગના જે ભાગમાં અગાઉ નાગરિકો શાંતિથી બેસતા હતા, બાળકો રમતા હતા અને ખુલ્લી હવામાન શ્વાસ લેતા હતા, તેની જગ્યાએ હવે સમર મેળા કે કોઈ મનોરંજન પાર્ક જેવા લોખંડના ચકરડી જેવા આકર્ષણો અને કોન્ક્રીટના ભારેખમ બાંધકામો ખડા કરવામાં આવી રહ્યા છે. કમાટીબાગ એ કોઈ વ્યાપારી સંકુલ કે મેળો યોજવાની જગ્યા નથી, પરંતુ તે કુદરતી લોન, મહામૂલા વૃક્ષો, ફળ-ફૂલો અને ઓક્સિજન આપતું હરિયાળું નજરાણું છે. આ પ્રકારે કોન્ક્રીટનું જંગલ બનાવીને બાગના મૂળ સ્વરૂપ સાથે ચેડાં કરવા એ સદંતર અક્ષમ્ય અપરાધ છે.

તંત્ર દ્વારા અગાઉ આ જગ્યાએ સોલાર પ્રોજેક્ટ કે અન્ય વિકાસ કાર્યોની વાતો કરવામાં આવી હતી, પરંતુ જાગૃત નાગરિકોનો સવાલ એ છે કે શું સોલાર પેનલ કે આવા પ્રોજેક્ટ્સ નાખવા માટે કમાટીબાગ જ એકમાત્ર જગ્યા બચી છે?

## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું અપમાન કરનાર સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર સિમરન પર સાયબર ક્રાઈમ પોલીસની લાલ આંખ

સુરત

સોશિયલ મીડિયા પર સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે અને વ્યુઝ તથા લાઈક્સ ખાતર કેટલાક યુવાનો તમામ મર્યાદાઓ વટાવી રહ્યા છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી વિરુદ્ધ સોશિયલ મીડિયા પર અત્યંત અપમાનજનક અને વિવાદાસ્પદ વીડિયો વાયરલ કરીને દેશના અસ્મિતા અને રાષ્ટ્રના મહાપુરુષોનું અપમાન કરનાર સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર સિમરન સામે સાયબર ક્રાઈમ પોલીસે સકંજો કસીને કડક કાર્યવાહી હાથ ધરી છે. સોશિયલ મીડિયા પર ગંદકી ફેલાવનારા અને રાષ્ટ્રના પ્રતીકોનું અપમાન કરનારા તત્વો માટે આ કાર્યવાહી એક લપડાક સમાન સાબિત થઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સોશિયલ મીડિયા પર પોતાની ઓળખ ઊભી કરવા અને વાયરલ થવાના રવાડે ચડેલી ઈન્ફ્લુએન્સર સિમરન દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન અને વ્યક્તિત્વને હલકું ચીતરતો તેમજ અપમાનજનક



ટિપ્પણીઓ કરતો એક વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરવામાં આવ્યો હતો. આ વીડિયો સામે આવતા જ દેશભરમાં અને સોશિયલ મીડિયા પર નાગરિકોમાં ભારે રોષ ફેલાઈ ગયો હતો. રાષ્ટ્રપિતાનું અપમાન કોઈપણ ભોગે સાંખી ન લેવાય તેવું સૂચવતા જાગૃત નાગરિકો અને રાષ્ટ્રપ્રેમીઓ દ્વારા આ મામલે સાયબર ક્રાઈમ પોલીસમાં ઉગ્ર ફરિયાદો નોંધાવવામાં આવી હતી. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ અને આધુનિક ડિજિટલ તપાસના આધારે તાત્કાલિક ધોરણે હરકતમાં આવીને વીડિયો અપલોડ કરનાર સોશિયલ મીડિયા હેન્ડલ અને તેની સાથે સંકળાયેલા ઈન્ફ્લુએન્સર સિમરનની વિરુદ્ધ આઈટી એક્ટ (IT Act) તથા સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

# નડિયાદ રેલવે સ્ટેશન પર કરોડોની સોનાની લૂંટનો મામલો ગણતરીના કલાકોમાં સપાટો બોલાવીને ડિટેક્ટ

## GRP અને ગ્રામ્ય પોલીસની ફિલ્મી અંદાજમાં એક્શન ફિલ્મ જેવી રેડ, 500 મીટર સુધી ઘસડાવા છતાં બહાદુર પોલીસે કાર પકડીને 2.90 કિલો સોનું એટલે કે આખો 100% મુદ્દામાલ રિકવર કર્યો!

નડિયાદ

ગુજરાતની ધરતી પર કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડવા નીકળેલા ગુનેગારોને પોલીસ પ્રશાસને માત્ર ગણતરીના કલાકોમાં જ તેમની ઓકાત બતાવી દીધી છે. નડિયાદ રેલવે સ્ટેશન વિસ્તારમાં હચમચાવી નાખતી કરોડો રૂપિયાની સોનાની લૂંટના કેસમાં પશ્ચિમ રેલવે જીઆરપી (GRP) અને અમદાવાદ ગ્રામ્ય પોલીસે સંયુક્ત ઓપરેશન ચલાવીને સોનાના તસ્કરોના સૂપડા સાફ કરી નાખ્યા છે. આ ઓપરેશનની ધડકન વધારી દે તેવી કહાની એવી છે કે, પોલીસ અધિકારી પોતાની જાનની પરવા કર્યા વગર ૫૦૦ મીટર સુધી કાર સાથે ઘસડાયા છતાં હિંમત ન હાર્યા અને ચાલુ કારનું સ્ટેયરિંગ કાબૂમાં લઈને હેન્ડબ્રેક ખેંચીને ખુખાર આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા! મળતી માહિતી મુજબ, આ અત્યંત ખતરનાક ઓપરેશનમાં પોલીસે બાજ નજર રાખીને રૂટ મેપિંગ, કડક



નાકાબંધી અને હ્યુમન ઈન્ટેલિજન્સના સચોટ સંકલન દ્વારા ગુનેગારોના તમામ ભાગવાના રસ્તા બંધ કરી દીધા હતા. પોલીસે આ ચોંકાવનારા કેસમાં ચાર કુખ્યાત આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને તેમની પાસેથી લૂંટાયેલું કુલ રૂ. ૪ કરોડની માતબર કિંમતનું ૨.૯૦ કિલો સોનું અસલ હાલતમાં ૧૦૦% રિકવર કરી લીધું છે. તસ્કરોએ કલ્પના પણ નહીં કરી હોય કે પોલીસ આટલી ઝડપથી અને આટલી ઘાતકતાથી તેમની પાછળ હાથ ધોઈને પડી જશે. જ્યારે પોલીસ ટીમે આરોપીઓને ઘેરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ભયના ભાગવા માટે આરોપીઓએ પોલીસ પર જ ગાડી ચડાવવાની કોશિશ કરી હતી. આ દરમિયાન એક બહાદુર પોલીસ અધિકારી હિંમતપૂર્વક કાર પર લટકી ગયા અને કારની સાથે આશરે ૫૦૦ મીટર સુધી ઘસડાતા રહ્યા છતાં તેમણે પકડ છોડી ન હતી.

ચાલુ ગાડીમાં જ જાનનું જોખમ ખેડીને અધિકારીએ અંદરથી કારનું સ્ટેયરિંગ કાબૂમાં લીધું અને પળભરમાં હેન્ડબ્રેક ખેંચીને ગાડીને રોકી દીધી અને આરોપીઓને પકડી પાડ્યા. પોલીસની આ દિલધડક બહાદુરી જોઈને મોટા-મોટા ગુનેગારોની છાતીના પાટિયા બેસી ગયા છે. આ ગજબના અને સફળ ઓપરેશનથી સમગ્ર ગુજરાત પોલીસ બેડામાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. આ બહાદુરીભરી કામગીરીની નોંધ લઈને ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ઓપરેશનમાં સામેલ તમામ સાહસિક પોલીસ અધિકારીઓ અને જવાનોની ટીમને દિલથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેમની પીઠ થાબડવામાં આવી છે.

## ખેડા જિલ્લા પોલીસનો માસ્ટરસ્ટ્રોક: નડિયાદના ગુતાલ ગામે દેશી દારૂના અડ્ડાઓ પર પોલીસની મેગા રેડથી બુટલેગરોમાં મચી નાસભાગ

ખેડા

રાજ્યમાં અસામાજિક તત્વો અને બુટલેગરો સામે જિલ્લા પોલીસ વડા દ્વારા હવે આક્રમક અભિયાન છેડવામાં આવ્યું છે. ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ચર્ચાસ્પદ ગુતાલ ગામે ચાલતા દેશી દારૂના ગેરકાયદેસર અડ્ડાઓ અને કુખ્યાત બુટલેગરો વિરુદ્ધ ખેડા જિલ્લા પોલીસે સપાટો બોલાવ્યો છે. પોલીસ અધિક્ષક (SP) વિજય પટેલની કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસે એકસાથે મેગા અને સામૂહિક રેડ હાથ ધરીને દારૂના ધંધા ચલાવતા તત્વોની ઊંઘ હરામ કરી દીધી છે. પોલીસના આ અચાનક અને આક્રમક એક્શનથી બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ગુતાલ ગામે બુટલેગરો દ્વારા ધમધમતા દેશી દારૂના અડ્ડાઓનો સફાયો કરવા માટે પોલીસે પૂર્વ આયોજિત રણનીતિ અપનાવી હતી. આ વિશાળ ઓપરેશનમાં



ખેડા જિલ્લાની એલસીબી (LCB), સાયબર સેલ (Cyber Cell) તેમજ નડિયાદ ટાઉન, નડિયાદ પશ્ચિમ, નડિયાદ રૂરલ અને વડતાલ પોલીસ સ્ટેશનના કુશળ અધિકારીઓ અને મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ એકસાથે મેદાને ઉતર્યા હતા. એકસાથે અનેક ટીમ દ્વારા ગુતાલ ગામના શંકાસ્પદ ઠેકાણાઓ પર દરોડા પાડવામાં આવતા બુટલેગરોને સંતાવાની કે નાસી છૂટવાની તક પણ મળી નહોતી. પોલીસની આ સામૂહિક રેડ દરમિયાન મોટા પ્રમાણમાં દેશી દારૂનો જથ્થો, ગળ્યો થાપ અને દારૂ બનાવવાના સાધનો જપ્ત કરવામાં આવ્યા હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે.

## તંત્રી લેખ...

### અંબાણીશાહીનો નાગપાશ: લોકશાહીનું ચીરહરણ કરીને સંસદને કોર્પોરેટ બાપ-દીકરાની વંશવેલા જાગીર બનાવનાર કુબેરપતિ સામે હવે આરપારની લડાઈ અનિવાર્ય!

આજે દેશભરમાં સત્તાપક્ષની નીતિઓ અને લોકશાહીના ધોવાણ સામે આંદોલનો અને અવાજો બુલંદ થઈ રહ્યા છે, ત્યારે દેશના લોકતંત્રની નસોમાં ઝેર ફેલાવનારા અને સંસદના પવિત્ર મંદિરોને ખરીદીને પોતાના વ્યાપારિક કાર્યાલયમાં ફેરવી નાખનારા અબજોપતિ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના અત્યંત શરમજનક અને ખતરનાક કરતૂતો ખુલ્લા પડ્યા છે. દેશની સંસદનું સર્વોચ્ચ ગૃહ ગણાતી 'રાજ્યસભા' હવે લોકસેવકો કે વિદ્વાનોનું આશ્રયસ્થાન નથી રહી, પરંતુ અંબાણીના અઢળક નાણાંના જોરે બાપ-દીકરાને એકસાથે સંસદમાં ઘૂસાડવાની એક કાળી કરતૂતોની દુકાન બની ગઈ છે! ભારતના સંસદીય ઇતિહાસમાં ક્યારેય ન બની હોય તેવી શરમજનક ઘટના સામે આવી છે, જ્યાં એક જ કોર્પોરેટ હાઉસના બાપ-દીકરો બે અલગ-અલગ રાજ્યોમાંથી અને અલગ-અલગ રાજકીય પક્ષોના ખભે બેસીને સીધા રાજ્યસભાની મોજ માણશે!

### લોહિયાના સમાજવાદના ચીંથરા ઉડાડી, 'PDA' ને 'પૈસા-દોલત-અંબાણી'માં ફેરવતા ભ્રષ્ટ રાજકારણીઓ

એક તરફ સમાજવાદ અને લોહિયાવાદી વિચારોના મોટા-મોટા બણગા ફૂંકનારા અખિલેશ યાદવ જેવા નેતાઓ ઉત્તર પ્રદેશમાંથી અબજોપતિ મુકેશ અંબાણીના ખાસ અને સૌથી વિશ્વાસુ માણસ




ધનરાજ નથવાણીને રાજ્યસભાની ટિકિટ થાળીમાં ધરીને ધરી દે છે, અને બીજી તરફ PDA (પિછડા, દલિત, અલ્પસંખ્યક) ના નામે ગરીબોને ગુમરાહ કરે છે. જે પાર્ટી પછાતો અને વંચિતોના હકની લડાઈ લડવાનો દાવો કરતી હોય, તે જ પાર્ટી જ્યારે જમીન પર વર્ષોથી લોહી રેડીને સંઘર્ષ કરનાર કોઈ સાચા ગરીબ કાર્યકરને બદલે સીધા રિલાયન્સના બોર્ડરૂમમાંથી ઉછળીને આવેલા કુબેરપતિના વારસદારને સિંહાસન સોંપે, ત્યારે સમજી લેવું જોઈએ કે આ સમાજવાદ નથી, પણ 'પૈસા-દોલત-અંબાણી'નું સૌથી નગ્ન અને ઘિનૌનું સ્વરૂપ છે! જ્યોર્જ ઓરવેલે બહુ સાચું જ કહ્યું હતું કે, 'જ્યારે ક્રાંતિકારી નારા લગાવનારા નેતાઓ મહેલોમાં રહેવા લાગે અને મૂડીપતિઓ સાથે ડિનર કરવા લાગે, ત્યારે જનતાની ક્રાંતિ મરી જાય છે.'

### અંબાણીની અઢળક માયાજાળ: બાપની 18 વર્ષની ગુલામી પછી હવે દીકરાનો વારો!

અંબાણીએ લોકશાહીની કેવી ઠેકડી ઉડાવી છે, તેનો જીવતો જાગતો પુરાવો પરિમલ નથવાણીનો ૧૮ વર્ષનો રાજકીય ઇતિહાસ છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં 'ગ્રુપ પ્રેસિડેન્ટ (કોર્પોરેટ અફેર્સ)' તરીકે અંબાણીના ખજાનાની રખેવાળી કરનાર પરિમલ નથવાણી ક્યારેય કોઈ જનતાના મત કે સિદ્ધાંતોથી નથી જીત્યા, પણ હંમેશાં સ્પોન્સર કરનાર પાર્ટીના જોરે અપક્ષ તરીકે તાગડધિન્ના કરતા આવ્યા છે:

૨૦૦૮ (પ્રથમ ટર્મ): ઝારખંડમાંથી જેએમએમ (JMM) અને આરજેડી (RJD) ના ધારાસભ્યોની ક્રોસ વોટિંગની ગંદી ખેલ રમીને એન્ટ્રી.

૨૦૧૪ (બીજી ટર્મ): ફરી ઝારખંડથી જ, આ વખતે ભાજપ અને એજસુ (AJSU) ના ટેકાથી કબજો.

૨૦૨૦ (ત્રીજી ટર્મ): ઝારખંડ છોડીને આંધ્રપ્રદેશના વાયએસ જગન મોહન રેડ્ડી (YSRCP) ની ગોદમાં બેસીને રાજ્યસભામાં પહોંચ્યા.

૨૦૨૬ (ચોથી ટર્મ): જૂન ૨૦૨૬માં ફરી ઝારખંડથી એનડીએના ટેકાથી વિજયી બન્યા.

અને હવે કળશ ક્યારે ઢોળાયો? ઓક્ટોબર ૨૦૨૬માં પરિમલ નથવાણીના પુત્ર ધનરાજ નથવાણી (જેઓ ખુદ રિલાયન્સમાં ગ્રુપ પ્રેસિડેન્ટ છે) ઉત્તર પ્રદેશથી અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીની ટિકિટ પર સીધા રાજ્યસભાની સીટ પર બિરાજમાન થવા જઈ રહ્યા છે! અખિલેશ યાદવની હાજરીમાં લખનઉમાં નોમિનેશન ભરાયું. શું આ લોકશાહી છે કે મુકેશ અંબાણીની કોઈ ખાનગી પ્રાઈવેટ લિમિટેડ કંપની?

### દુર્ગાપૂજા અને અંબાણીના દરબારમાં શિરમોર: સત્તા અને મૂડીની ભ્રષ્ટ સાંઠગાંઠ

દેશમાં ચૂંટણી લડવા માટે આજે દરેક રાજકીય પક્ષને અબજો રૂપિયાની જરૂર પડે છે, અને આ જ મજબૂરીનો લાભ ઉઠાવીને અંબાણી જેવા કોર્પોરેટ જાયન્ટ્સ લોકશાહીના પાયા હચમચાવી નાખે છે. ભાજપ હોય કે સમાજવાદી પાર્ટી કે પછી અન્ય કોઈ પક્ષ - બધા અંતે દિલ્હી અને મુંબઈના આ જ કુબેરપતિઓના દરવાજે ભીખ માંગવા જાય છે. જ્યારે કરોડો રૂપિયાના ફંડ અને ચૂંટણી મેનેજમેન્ટના જોરે આ સોદાબાજી થાય છે, ત્યારે સંસદમાં બેસનારા આ લોકો દેશની જનતા માટે અવાજ નથી ઉઠાવતા, પરંતુ મુકેશ અંબાણીના વ્યાપારી સામ્રાજ્યના વકીલ બનીને બેસે છે!

### ખરું આંદોલન તો હવે આ 'અંબાણીશાહી' સામે જ થવું જોઈએ!

દેશના નાગરિકો આજે મોંઘવારી, બેરોજગારી અને સિસ્ટમના અત્યાચાર સામે સવાલો પૂછી રહ્યા છે, પરંતુ વાસ્તવિક મૂળ સમસ્યા આ કોર્પોરેટ લૂંટારાઓ છે જેઓ પડદા પાછળ બેસીને સરકારો ચલાવે છે અને લોકશાહીને પોતાની રક્ષૈલા દાસી સમજે છે. શું સામાન્ય જનતા, યુવાનો અને મજૂરોએ હવે મૌન ધારણ કરી લેવું પડશે? જો અંબાણીના ઈશારે સંસદના દરવાજા આમ જ ગુલામો માટે ખુલ્લા રહેશ, તો આ દેશનું બંધારણ અને લોકશાહી સદંતર નામશેષ થઈ જશે.

આજે સમય આવી ગયો છે કે દંભી નેતાઓના ભાષણો સાંભળવાનું બંધ કરીને સીધા આ કોર્પોરેટ સમ્રાટોની અઘાત સત્તા સામે સવાલો ઉઠાવવામાં આવે. જો દેશને બચાવવો હોય, તો માત્ર રાજકીય પક્ષો સામે નહીં, પરંતુ લોકશાહીનું ચીરહરણ કરનાર અંબાણીની આ અહંકારયુક્ત તાનાશાહી સામે જ સૌથી મોટું અને નિર્ણાયક આંદોલન છેડવું પડશે!

શું અબજોપતિઓના આ ઈશારે ચાલતા ભ્રષ્ટ રાજકારણ સામે તમે તમારો અવાજ બુલંદ કરવા તૈયાર છો?

**- ગ્રુપ એડિટર પવન માકન**

# લોખંડી મનોબળ અને આક્રમક પોલીસિંગના પર્યાય સમાન IPS જયપાલસિંહ રાઠોડ: અમદાવાદ સેક્ટર-2માં કાયદો અને વ્યવસ્થાના કડક રક્ષક

પાક્કો ગુજરાત ન્યૂઝ | વિશેષ અહેવાલ

ગુજરાત પોલીસ બેડામાં પોતાની દબંગ કાર્યશૈલી, ત્વરિત નિર્ણયો અને ગુનેગારોમાં ભય ઊભો કરવાની કલા માટે જાણીતા તેજસ્વી આઈપીએસ અધિકારી જયપાલસિંહ રાઠોડ (IPS Jaipal Singh Rathore) હાલ અમદાવાદ શહેરના અત્યંત સંવેદનશીલ અને વ્યસ્ત ગણાતા સેક્ટર-૨ ના સંયુક્ત પોલીસ કમિશનર (JCP / DIG) તરીકે કાયદો અને વ્યવસ્થાની ધોર કમાન સંભાળી રહ્યા છે. અસામાજિક તત્વો સામે કડકાઈ અને સામાન્ય પ્રજામાં સુરક્ષાની પ્રબળ ભાવના જગાડવામાં તેમનું નામ સૌથી આગળ છે.




કોણ છે IPS જયપાલસિંહ રાઠોડ? (સંપૂર્ણ પરિચય)

બેચ અને કેડર: આઈપીએસ જયપાલસિંહ રાઠોડ એ ૨૦૧૦ની બેચના ગુજરાત કેડરના અત્યંત હોંશિયાર, નિડર અને ડાયનેમિક અધિકારી છે.

મૂળ વતન: તેઓ મૂળ રાજસ્થાનના વતની છે અને તેમનો પ્રારંભિક અભ્યાસ અજમેરમાં થયો છે.

વર્તમાન જવાબદારી: હાલ તેઓ અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ હેઠળના મહત્ત્વપૂર્ણ એવા સેક્ટર-૨ ના JCP પદે સેવા આપી રહ્યા છે, જેમાં શહેરના ઉત્તર અને પશ્ચિમ વિસ્તારના અનેક સંવેદનશીલ પોલીસ સ્ટેશનો આવે છે.

અગાઉની ઝળહળતી કામગીરી:



તેમણે અગાઉ અમદાવાદ શહેરમાં ડીસીપી ઝોન-૧ તરીકે ઉત્તમ કામગીરી કરી છે.

રાજકોટ ગ્રામ્યના જિલ્લા પોલીસ વડા (SP) તરીકે પણ તેમણે ગુનેગારો પર સકંજો કસ્યો હતો.

મોરબી જિલ્લા પોલીસ વડા તરીકે પણ તેઓ પોતાની ફરજ સફળતાપૂર્વક નિભાવી ચૂક્યા છે. તેમની સચોટ કામગીરીને ધ્યાનમાં રાખીને જ સરકાર દ્વારા તેમને અમદાવાદ સેક્ટર-૨ ની મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

સેક્ટર-૨ માં કડક પોલીસિંગ અને આક્રમક અભિગમ

અમદાવાદ શહેરનું સેક્ટર-૨ વિસ્તાર ભૌગોલિક અને જનસંખ્યાની દ્રષ્ટિએ ખૂબ જ પડકારજનક માનવામાં આવે છે. આ વિસ્તારમાં ગુનાખોરી ડામવા માટે લોખંડી મનોબળવાળા નેતૃત્વની જરૂર હોય છે. જયપાલસિંહ રાઠોડે ચાર્જ સંભાળ્યા બાદથી જ બુટલેગરો, માથાભારે તત્વો, ડ્રગ્સ પેડલર્સ અને ગેંગસ્ટરો સામે 'ઝીરો ટૉલરન્સ' ની નીતિ અપનાવી છે.

તેઓ માત્ર ઓફિસની કેબિનમાં બેસીને આદેશો આપવાવાળા અધિકારી નથી, પરંતુ ગ્રાઉન્ડ ઝીરો પર ઉતરીને ખુદ પેટ્રોલિંગ કરવું, રાત્રે અચાનક પોલીસ સ્ટેશનોની સરપ્રાઈઝ વિઝિટ કરવી અને ઝીણવટભરી તપાસ કરવી તેમની ખાસ કાર્યશૈલી રહી છે.

ટેક્નોલોજીનો ઉપયોગ અને પ્રજાલક્ષી પોલીસિંગ

આધુનિક સમયના ગુનાઓને નાથવા માટે ટેક્નોલોજી કેટલી જરૂરી છે તે તેઓ સારી રીતે જાણે છે. તેમણે સેક્ટર-૨ હેઠળના વિસ્તારોમાં ગુનાખોરી અટકાવવા માટે સીસીટીવી નેટવર્ક, હ્યુમન ઈન્ટેલિજન્સ અને સચોટ પોલીસ પેટ્રોલિંગ પર વિશેષ ભાર મૂક્યો છે. વિપરીત કે કટોકટીની પરિસ્થિતિઓમાં પણ ત્વરિત અને સચોટ નિર્ણયો લેવાની તેમની ક્ષમતા તેમને એક સાચા કમાન્ડર સાબિત કરે છે.

ગુનેગારોના દિલમાં કાયદાનો ડર અને સામાન્ય નાગરિકો નિર્ભય બનીને જીવી શકે તે માટે આઈપીએસ જયપાલસિંહ રાઠોડ અને તેમની ટીમ રાત-દિવસ એક કરીને કાર્યરત છે. તેમની આ નૈતિક અને નીડર છબીના કારણે જ સમગ્ર ગુજરાત પોલીસ બેડામાં તેમને માનની નજરે જોવામાં આવે છે.

# રાજનીતિમાં 'મિરેકલ' કે કોઈ મોટો ખેલ? કોર્પોરેટ નોકરી છોડીને સીધા પેન-ઈન્ડિયા લીડર બનનાર CJP નેતૃત્વ પર ઉઠતા સવાલો!

પાક્કો ગુજરાત ન્યૂઝ | વિશેષ લેખ

ભારતીય રાજકારણમાં દરરોજ નવા સમીકરણો અને નાટકીય વળાંકો આવતા રહે છે, પરંતુ તાજેતરની રાજકીય ઘટનાઓએ રાજકીય વિશ્લેષકો અને સામાન્ય જનતાને પણ ચોંકાવી દીધા છે. CJP (ચર્ચાના કેન્દ્રમાં રહેલા નવા જૂથ/વિકલ્પ) ને લઈને હાલ દેશભરમાં ચર્ચા ચાલી રહી છે કે શું આ વર્તમાન સત્તાને હટાવીને કોઈ નવો રાજકીય વિકલ્પ આપવા આવ્યા છે? આ બાબતે સહેજે સહમત થઈ શકાય કે તેઓ વર્તમાન સત્તા સામે વિકલ્પ બનવા માંગે છે, પરંતુ આખી ઘટના પાછળના સવાલો કોઈ રહસ્યથી કમ નથી.

### રાજનીતિમાં 2 મહિનામાં ચમત્કાર? આ ઘટનાને રાજનીતિના વર્ગખંડમાં ભણાવવી જોઈએ!

જરા વિચારો, જે દેશમાં સામાન્ય નાગરિક કે પાયાના કાર્યકર્તાને પોતાની ઓળખ બનાવવામાં, જમીની સંઘર્ષ કરવામાં અને રાજકીય અનુભવ મેળવવામાં દાયકાઓ નીકળી જાય છે, ત્યાં કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ કે સંઘર્ષ વગર માત્ર બે જ મહિનામાં કોર્પોરેટ નોકરી છોડીને સીધા 'પેન-ઈન્ડિયા લીડર' બની જાય– આ કોઈ ચમત્કારિક રાજકીય ઘટનાથી ઓછું નથી! આ ફિનોમેનન (Phenomenon) એવું છે કે જેને આવનારી પેઢીઓ માટે રાજનીતિની શાળાઓ અને કોલેજોના વર્ગખંડોમાં કેસ સ્ટડી તરીકે ભણાવવું જોઈએ.

જો માત્ર સોશિયલ મીડિયાની લોકપ્રિયતા અને વીડિયો-ટ્વીટ્સથી જ નેતા બની શકાતું હોત, તો વર્ષોથી સતત સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવતા અને વીડિયો બનાવતા ધ્રુવ રાઠી ક્યારનાય દેશના મોટા લીડર બની ગયા હોત. આખરે વર્તમાન CJP નેતાઓમાં એવી કઈ જાદુઈ વિશેષતા છે જે અન્ય પાસે નથી?

### જમીની સંઘર્ષ કરનારાઓ માટે કાંટા, અને નવા ખેલાડીઓ માટે રેડ કાર્પેટ?

આ દેશમાં વાસ્તવિકતા એ છે કે લોકોને ક્યાંક પહોંચવા માટે વર્ષોના વર્ષો વીતી જાય છે. ખુદ દેશના સૌથી મોટા પક્ષના અગ્રણી નેતા અને 'યુવરાજ' તરીકે ઓળખાતા રાહુલ ગાંધીએ કરોડો મતદારો સુધી પહોંચવા માટે હજારો કિલોમીટરની ભારત જોડો યાત્રા હેઠળ આખો દેશ નાપવો પડ્યો છે. ખેડૂતો જ્યારે હકો માટે નીકળે ત્યારે તેમના રસ્તે લોખંડના બેરિકેડ્સ અને ટીયર ગેસના ગોળા છોડવામાં આવે છે, મણિપુરના પીડિતો કે ડેલિગેશનને સરકારને મળવા માટે મહિનાઓ સુધી સમય નથી મળતો!

બીજી બાજુ, આ નવા CJP લીડર્સ જાણે આકાશમાંથી સીધા ઉતર્યા હોય! સીધા જઈને શાસક પક્ષના શીર્ષ નેતૃત્વ કે ભાજપના અધ્યક્ષને મળે છે, મુંબઈ જેવા મહાનગરોમાં ભવ્ય અને મોટા સ્તરની રેલીઓ યોજે છે, દિગ્ગજ નેતાઓ તેમને મળે છે અને તેઓ સફળતાની સીડીઓ સર કરતા જાય છે. સવાલ એ થાય છે કે શું આ માત્ર એક 'સંયોગ' છે કે પછી કોઈ સુયોજિત 'પ્રયોગ'?

### કોઈપણ રાજકીય બેકિંગ વિના આ શક્ય જ કેમ બને?

આ પ્રકારની સફળતા કોઈપણ મજબૂત રાજકીય બેકિંગ વિના શક્ય જ નથી. તે પણ એવી બેકિંગ કે જેને ક્યાંક ને ક્યાંક અદ્રશ્ય રીતે સત્તાનું સમર્થન પ્રાપ્ત હોય! જો આવું ન હોય તો એ કેવી રીતે શક્ય બને કે દેશનો પ્રત્યેક સામાન્ય જનતાનો અવાજ કે આંદોલન એક કઠિન 'બાધા દોડ' (Obstacle race) બની જાય, જ્યારે આ નવા ખેલાડીઓ માટે ટ્રેક આગળથી આગળ સાવ ખાલી મળતો જાય અને તેઓ સરપટ દોડતા જાય?

મુખ્ય પ્રશ્નો અને અંદરખાને ચાલતી ચર્ચાઓ:

શું CJP વર્તમાન સરકાર વિરોધી છે? - સહમત.

શું તેઓ ઉદારવાદી છે? - સંભવ છે કે હોય.

શું તેઓ લોકશાહીવાદી છે? - હા, દેખાવ પૂરતો હોઈ શકે.

શું તેઓ કોંગ્રેસ કે ડાબેરી પક્ષોના સમર્થક છે? - બિલકુલ નહીં, સહમત.

શું તેઓ બંધારણ વિરોધી છે? - તે પણ જરૂરી નથી.

પરંતુ અસલી સવાલ ત્યાં ઊભો થાય છે કે, મારું અને અનેક વિશ્લેષકોનું ચોક્કસ અનુમાન છે કે આ બીજું કોઈ નહીં પરંતુ સંઘ (RSS) કે પાવર કોરિડોરની કોઈ 'એન્ટિ-મોદી વિંગ' (Anti-Modi Wing) કે આંતરિક પાવર શિફ્ટનો જ એક હિસ્સો હોઈ શકે છે. જેમને ભવિષ્યની રણનીતિ, છબી સુધારણા (Image Makeover) અને સત્તા પર કાયમી નિયંત્રણ જાળવી રાખવાના હેતુસર મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. આ તમામ પ્રી-પ્લાન્ડ હાયર્ડ લોકો જેવા છે, જેને ઉપરથી ગ્રીન સિગ્નલ કે નિર્દેશ મળે છે અને રસ્તાની તમામ અડચણો જાદુઈ રીતે દૂર થતી જાય છે.

કાલે ઉઠીને જો રાહુલ ગાંધી કે વિપક્ષના દિગ્ગજો પણ આમને સમર્થન જાહેર કરી દે, તો પણ આ અનુમાન બદલાવાનું નથી. કારણ કે, જે તાનાશાહી કે કઠોર શાસક વ્યવસ્થા સામાન્ય અવાજોને કચડી નાખે છે, તે જ સત્તા આ નવા જૂથ સાથે આટલી નરમ અને લોકપ્રિયતા અપાવતી રીતે કેમ પેશ આવી રહી છે? આ એક મોટું અને વણઉકેલાયેલું રહસ્ય છે, જેનો પર્દાફાશ સમય જ કરશે!

# ગુજરાતમાં સંપૂર્ણ દારૂબંધીના બણગાં ફૂંકતી સરકારના મોં પર મોટો તમાચો

### જો રાજ્યમાં ખરેખર દારૂ બંધ છે, તો પછી નશા મુક્તિ કેન્દ્રો પાછળ 15 કરોડ રૂપિયા પાણીની જેમ વહાવવાની કેમ જરૂર પડી? શું ગુજરાત બહારથી લોકોને અહીં નશો છોડાવવા લાવવામાં આવશે?

ગાંધીનગર

મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આ પવિત્ર ભૂમિ ગુજરાતમાં દારૂબંધીના કાયદાના માત્ર ઢંઢેરા પીટવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એવી છે કે જે જોઈને સામાન્ય પ્રજાનું લોહી ઉકળી ઉઠે! ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં નશા મુક્તિ કેન્દ્રો (ડિ-એડiction સેન્ટર્સ) માટે અચાનક ૧૫ કરોડ રૂપિયાનું અધધ ભંડોળ ફાળવવામાં આવતાની સાથે જ રાજકીય અને સામાજિક આલમમાં ભૂકંપ આવી ગયો છે. જનતા હવે સરકારની આ બેધારી નીતિ સામે સીધા અને સણસણતા સવાલો પૂછી રહી છે કે, જ્યારે સરકાર ખુદ ડંકો વગાડે છે કે ગુજરાતમાં કડક દારૂબંધી છે અને અહીં દારૂ વેચાતો કે પીવાતો જ નથી, તો પછી આ કરોડો રૂપિયા ખર્ચીને નશા મુક્તિ કેન્દ્રો બનાવવાની ગુપ્ત મજબૂરી કેમ ઊભી થઈ? શું ગુજરાત સરકાર વિદેશથી કે દેશના અન્ય રાજ્યોમાંથી લોકોને પકડીને અહીં નશો મુક્તિ માટે લાવવાની છે?

### દુનિયાની નજરમાં દારૂબંધીનું નાટક અને અંદરખાને ધમધમતા શરાબના અડ્ડા!

ગુજરાતની જનતા આજે પૂછી રહી છે કે આ કેવા પ્રકારનું વડાપ્રધાન અને મુખ્યપ્રધાનના શાસનનું 'ગુજરાત મોડેલ' છે, જ્યાં દારૂબંધીના નામે માત્ર કાગળ પર કાયદાના વાઘ બતાવવામાં આવે છે, પરંતુ હકીકતમાં ગલી-ગલીમાં અને ઘરે-ઘરે બુટલેગરોના સામ્રાજ્ય બેરોકટોક ધમધમી રહ્યા છે. જો રાજ્યમાં ખરેખર દારૂ મળતો જ ન હોય, તો પછી હજારો અને લાખો યુવાનો દારૂના રવાડે ચડીને બરબાદ ક્યાંથી થઈ રહ્યા છે? સરકારે જે ૧૫ કરોડ રૂપિયા નશા મુક્તિ કેન્દ્રો પાછળ ફાળવ્યા છે, તે વાત ખુદ સાબિત કરી દે છે કે સરકારના પોતાના દસ્તાવેજો અને તંત્ર પણ સ્વીકારે છે કે ગુજરાતના યુવાનો નશાની ગહરી ખીણમાં ધકેલાઈ ચૂક્યા છે. જો સમસ્યા જ નથી, તો પછી તેના ઉપચાર માટે આટલા મોટા ખર્ચની ફાળવણી કેમ? શું આ માત્ર કાગળ પર ભ્રષ્ટાચાર કરીને સરકારી તિજોરી ખાલી કરવાનો કોઈ નવો ખેલ છે?

### ગુજરાતની યુવા પેઢી બરબાદ થઈ રહી છે અને સરકાર માત્ર આંકડાઓની માયાજાળ રચી રહી છે!

આજે ગુજરાતનો યુવાન બેરોજગારી અને નશાખોરીના ચક્કરમાં પીસાઈ રહ્યો છે. રાજ્યના નાના-મોટા શહેરોથી લઈને ગામડાઓ સુધી દેશી અને વિદેશી દારૂની ખુલ્લેઆમ હોળી રમાઈ રહી છે. પોલીસની મિલીભગત અને રાજકીય આશ્રયના જોરે ચાલતા આ ગોરખધંધા સામે જ્યારે સામાન્ય નાગરિકો અવાજ ઉઠાવે છે, ત્યારે તેમને દબાવી દેવામાં આવે છે. પરંતુ હવે જ્યારે સરકારે ખુદ નશા મુક્તિ કેન્દ્રો માટે કરોડો રૂપિયા ફાળવ્યા છે, ત્યારે પ્રજાની આંખના પડદા ખુલી ગયા છે. પ્રજા પૂછી રહી છે કે, શું દારૂબંધી માત્ર ચૂંટણી જીતવા અને ભ્રષ્ટ નેતાઓની તિજોરી ભરવા માટેનો એક રાજકીય સ્ટેન્ડ બનીને રહી ગઈ છે?

### જનતાનો સીધો સવાલ: ગુજરાતમાં દારૂબંધી છે કે પછી માત્ર બુટલેગરોનું રાજ ચાલે છે?

આજે ગુજરાતના ખૂણે-ખૂણેથી એક જ અવાજ ગુંજી રહ્યો છે કે જો તમારામાં હિંમત હોય તો દારૂબંધીના કાયદાને જમીની સ્તરે સખ્ત બનાવો, બુટલેગરોની કમર તોડી નાખો અને પોલીસ સ્ટેશનોની હદમાં ચાલતા આ શરાબના અડ્ડાઓને બુલડોઝર ફેરવીને નેસ્તનાબૂદ કરી દો! માત્ર નશા મુક્તિ કેન્દ્રો ખોલીને પ્રજાની આંખમાં ધૂળ નાખવાના નાટકો હવે વધુ નહીં ચલાવી લેવાય. જો યુવાનોને નશાના દરિયામાં ડૂબાડીને પછી તેમને મુક્તિ કેન્દ્રના નામે દેખાડા કરવામાં આવશે, તો આ ગુજરાતની જનતા ચૂપ નહીં બેસે અને સરકાર સામે આરપારની લડાઈ છેડશે!

# ચારેબાજુ બસ એક જ નામની ચર્ચા છે - નેહા બોરા: કોણ છે આ બાગી છોકરી, જેના તેવર જોઈને સત્તાધીશોના શ્વાસ અધ્ધર થઈ ગયા છે?

પાક્કો ગુજરાત ન્યૂઝ | વિશેષ અહેવાલ

દેશના રાજકારણ અને વિદ્યાર્થી આંદોલનોના ફલક પર હાલ જો કોઈ એક નામે ધમાકો મચાવ્યો હોય, તો તે નામ છે - નેહા બોરા. આજે સોશિયલ મીડિયાથી લઈને યુનિવર્સિટીના કેમ્પસો સુધી અને દેશના પાવર કોરિડોરથી માંડીને સામાન્ય લોકોની ચર્ચાઓમાં ચારેબાજુ બસ નેહા બોરાની જ બોલબાલા છે. આખરે કોણ છે આ યુવતી, જેની એક જ ઝલક અને ભાષણોએ દેશભરમાં હાહાકાર મચાવી દીધો છે?

જેએનયુની પીએચડી સ્કોલર અને આઈસા (AISA)ની નેશનલ પ્રેસિડેન્ટ

દેશની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU) ની પીએચડી સ્કોલર અને ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA) ની રાષ્ટ્રીય અધ્યક્ષ નેહા બોરા આજે માત્ર એક વિદ્યાર્થી નેતા નથી રહી, પરંતુ દેશના યુવાનો એટલે કે 'Gen-Z'ની અસલી અવાજ બનીને ઉભરી આવી છે. માત્ર 25 વર્ષની આ યુવતીના વિચારો અને તેના ઈરાદાઓ એટલા મજબૂત છે કે તે મોટા-મોટા રાજકીય દિગ્ગજો અને સત્તાધીશોની ઊંઘ ઉડાડવા માટે કાફી સાબિત થઈ રહી છે.

ચશ્મા પાછળ સળગતી આગ અને તેવરવાળી આંખો

નેહા બોરાનું વ્યક્તિત્વ જ કંઈક એવું છે કે જે જોનારના મનમાં અનોખો પ્રભાવ પાડે છે. તેના વિખરાયેલા વાળ, આંખો પર ચશ્મા અને એ ચશ્મા પાછળ લાલઘુમ થઈને પોતાના તેવર બતાવતી તેની આંખો–આ 25 વર્ષની છોકરી જ્યારે સ્ટેજ પર ઊભી રહે છે ત્યારે તેના મગજમાં અને દિલમાં એવી જ્વાળામુખી જેવી ક્રાંતિ સળગતી હોય છે, જે અનીતિ અને અન્યાય સામે સીધો ટક્કર લેવા પ્રેરે છે.

કોઈનાથી ડર્યા વગર ગલતને 'ગલત' કહેવાની તાકાત

આજના ડરના વાતાવરણમાં જ્યાં મોટા-મોટા પક્ષો અને દિગ્ગજો બોલતા ખચકાય છે, ત્યાં નેહા બોરા ખુલ્લેઆમ સિસ્ટમ સામે સવાલો ઉઠાવે છે. તે સત્તાના જોરે મસ્તી કરનારાઓને, ગલત કામ કરનારાઓને ગલત કહેતા જરાય અચકાતી નથી. તે ખુલ્લેઆમ ગુંડાઓને ગુંડા અને લંપટોને લંપટ કહીને સંબોધે છે. તેની બોલીમાં જે 'ઈન્કલાબ' છે અને તેના અવાજમાં જે બગાવત ઝલકે છે, તે યુવાનોના લોહીમાં ગરમી પેદા કરી દે છે.

# 'મેં વિચાર્યું હવે હું મરી જઈશ', ફ્લાયદુબઈના જાંબાઝ પાઈલટ સ્મિત મચ્છરે નેતન્યાહુ સામે વર્ણવી ઘટના

હજારો ફૂટની ઊંચાઈએ ઊડી રહેલા વિમાનમાં જ્યારે તમારો પોતાનો જ સહ-પાઈલટ અચાનક લોખંડની ઈમરજન્સી કુહાડી લઈને તમારા માથા પર ઉપરાઉપરી ઘા કરવા લાગે ત્યારે શું થાય? મોટાભાગના લોકો માટે આ વિચાર જ કંપારી છોડાવી દે તેવો છે. પરંતુ 30 સપ્ટેમ્બરના રોજ દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ FZ1073 માં ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર માટે આ ભયાનક વાસ્તવિકતા બની ગઈ હતી. માથામાંથી વહેતું લોહી, આંખો સામે છવાઈ ગયેલું ઘોર અંધારું અને નીચે તરફ ખાબકી રહેલું વિમાન આવા કપરા સંજોગોમાં પણ આ ભારતીય પાઈલટે હાર ન માની. તેમણે પોતાનો જીવ જોખમમાં મૂકીને કોકપિટનો દરવાજો ખોલ્યો અને વિમાનમાં સવાર 174 નિર્દોષ મુસાફરોને મોતની ખાઈમાં ધકેલાતા બચાવી લીધા. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે શનિવારે થયેલી વાતચીતમાં કેપ્ટન સ્મિતે તે ભયાવહ ક્ષણોની જે વિગતો આપી છે, તે સાંભળીને સૌ કોઈના રુંવાડા ઊભા થઈ જાય તેમ છે. બોઈંગ એરક્રાફ્ટ હવામાં એકદમ સામાન્ય ગતિએ આગળ વધી રહ્યું હતું.



પાક્કો ગુજરાત
સોમવાર | 05 ઓક્ટોબર 2026 | અમદાવાદ

# ભુજ રેલવે સ્ટેશન પર હત્યા કરનાર ક્રિમિનલ માઇન્ડ આરોપીનો પાલારા જેલમાં પણ હિંસક હુમલો : કેદી પર પથ્થર વડે હુમલો કરતા દોડધામ મચી

કચ્છ: રૂપેશ સોલંકી.

ભુજ રેલવે સ્ટેશન પર નજીવી બાબતે એક પરપ્રાન્તીય યુવકની નિર્મમ હત્યા કરનાર ગુનાહિત માનસિકતા ધરાવતા આરોપી દીપાન્શુ વિશ્વકર્માએ જેલના હાઈ-સિક્યોરિટી ઝોનમાં પણ પોતાની હિંસક પ્રવૃત્તિ ચાલુ રાખી છે. પાલારા જેલમાં બેરેક અંદર સૂતેલા એક પાકા કામના કેદી પર પથ્થર વડે જીવલેણ હુમલો કરાતા જેલ પ્રશાસન અને પોલીસ વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ છે.

બેરકમાં સૂતેલા કેદી પર કર્યો હુમલો

મળતી વિગતો મુજબ, પાલારા જેલની સર્કલ-એકની ૧૧ નંબરની બેરેકમાં અબ્બાસ ઈસ્માઈલ સમા નામનો કેદી સૂતો હતો. તે દરમિયાન આરોપી દીપાન્શુ ચેતન વિશ્વકર્માએ બાથરૂમમાંથી પથ્થર લાવીને અચાનક અબ્બાસના માથાના ભાગે ઝીંકી દીધો હતો. આ હિંસક હુમલામાં અબ્બાસને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના પગલે જેલ હવાલદારે લોહીલુહાણ હાલતમાં ઈજાગ્રસ્ત કેદીને તાત્કાલિક સારવાર માટે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે.

રેલવે સ્ટેશન પર પૂછપરછ માત્રમાં કરી હતી હત્યા

ઉલ્લેખનીય છે કે, આ જ આરોપી દીપાન્શુએ થોડા દિવસો પહેલાં ભુજ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧ પર સુરત જતી ટ્રેન અંગેની સામાન્ય પૂછપરછ બાબતે ઉશ્કેરાઈ જઈને બિહારના મુકેશ ચંદ્રિકા સહની નામના યુવકને લોખંડનો પાઈપ ફટકારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. રેલવે પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કર્યા બાદ તેને જેલ હવાલે કર્યો હતો.

આરોપી અગાઉ પણ ૩ ગુનામાં સંડોવાયેલો: પોલીસ માટે પડકાર

રેલવે પોલીસ અધિકારી પી.આર. સોલંકીના જણાવ્યા અનુસાર, આરોપી દીપાન્શુ ગંભીર ગુનાહિત માનસિકતા ધરાવે છે અને અગાઉ પણ તેની સામે મારામારીના ૩ ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. તે ખૂબ જ નાની વાતમાં ઉશ્કેરાઈ જઈને હિંસક હુમલા કરવાની કુટેવ ધરાવે છે. જેલની ઘટના અંગે બી-ડિવિઝન પોલીસ મથકના તપાસ અધિકારી એસ.એસ. પટેલ સાથે સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે, પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ 'પોતે ડિસ્ટર્બ થતો હોવાથી' ઉશ્કેરાઈને આ હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું છે. હાલ પોલીસે આ અંગે જાણવાજોગ ફરિયાદ નોંધી બંને પક્ષોના નિવેદનો લેવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. માત્ર થોડા જ દિવસોમાં એક હત્યા અને ત્યારબાદ જેલની અંદર જ હિંસક હુમલાની આ બીજી ઘટનાથી પોલીસ તંત્ર સફાળું જાગ્યું છે. હવે પોલીસ માટે આ આરોપીના ગુનાહિત ઈતિહાસની ઊંડાણપૂર્વક તપાસ કરવાની સાથે જેલમાં તેની હિંસક પ્રવૃત્તિઓ પર કાબૂ મેળવવો એ પણ એક મોટો પડકાર બની રહેશે.

માત્ર થોડા જ દિવસોમાં એક હત્યા અને ત્યારબાદ જેલની અંદર જ હિંસક હુમલાની આ બીજી ઘટનાથી પોલીસ તંત્ર સફાળું જાગ્યું છે, હવે પોલીસ માટે આ આરોપીના ગુનાહિત ઈતિહાસની ઊંડાણપૂર્વક તપાસ કરવાની સાથે જેલમાં તેની હિંસક પ્રવૃત્તિઓ પર કાબૂ મેળવવો એ પણ એક મોટો પડકાર બની રહેશે


દીપાંશુ વિશ્વકર્મા

# સાધલીમાં સાત મહિના જૂની એક્સપાયરી થયેલી 'POWER UP' પીણાંની બોટલો મળી



સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના સાધલી મુકામે આજ રોજ તારીખ 4 ઓક્ટોબર 2026 સવારમાં મોર્નિંગ માટે નીકળેલા એક સિનિયર સિટીઝન દ્વારા તળાવની પાળ સામે આવેલ 2 આંગણવાડી નજીક POWER UP પિણાં ના બોક્સ કચરા ભેગા પડેલા જોવામાં આવ્યા હતા. આ બોક્સ તોડીને જોતાં તેમાં FSSAI દ્વારા માન્ય હુજુરી 1923 અને SOSYO માર્કા સાથે POWER UP ફુડ પીણાંની એક્સપાયરી તારીખની પેક બોટલો પડી હતી. આ જાહેર રસ્તો છે અને બાજુમાં જ નાના નાના બાળકોની બે આંગણવાડીઓ આવેલી છે, તથા તળાવમાં મજૂરીયાત વર્ગના છોકરાઓ રહે છે, અને ભૂલથી અથવા લાલચમાં આવીને આ એક્સપાયરી તારીખની બોટલો અજાણતા પી લે અને બાળકોને કોઈ નુકસાન થાય તે જાણહાની નો પ્રસંગ બને તો તેના માટે જવાબદાર કોણ?????? આ બોટલ ઉપર બેચ નંબર BSB 39 L, MRP RS.10/00 મેન્યુફેક્ચર ડેટ 29 નવેમ્બર 2025 અને યુઝ બાય ડેટ 28 ફેબ્રુઆરી 2026,છે , જ્યારે હાલમાં તારીખ 4 ઓક્ટોબર 2026 ચાલી રહી છે એટલે કે સાત મહિના જૂની એક્સપાયરી તારીખની આ મોંઢાથી પીવાના પીણાંની બોટલો ખુલ્લામાં મૂકી દેવામાં આવી હતી. વડોદરા જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર આ બાબતે સાચી તપાસ કરીને હકીકત બહાર લાવે એવી માંગ છે, કારણ કે તાજેતરમાં સાધલી મુકામે હડકાયા કૂતરાના આતંગથી 22 વ્યક્તિઓ ઈજાગ્રસ્ત બની હતી. સાત મહિના જૂની એક્સપાયરી તારીખની પીણાંની બોટલો ખુલ્લામાં મળી આવતાં સાધલીમાં ઠંડા પીણા નો વેપલો કરનારામાં ફફડાટ વ્યાપેલ છે. એક્સપાયરી તારીખની મેડિકલ દવાઓ કે ઈન્જેક્શન મળી આવે તો દોડાદોડી કરતું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર આ એક્સપાયરી તારીખની પીણાંની બોટલો કોણ અને ક્યારે નાખી ગયું તેની તપાસ કરે એ જરૂરી છે.

વડીયાના અરજણસુખ અને તોરી વિસ્તારમાં

# સિંહણના હુમલામાં ઈજાગ્રસ્ત વનકર્મી અને 4 નાગરિકો અમરેલી શાંતાબા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ..!!

કૈલાશ ભટ્ટ, ઉના

અમરેલી જિલ્લામાં તાજેતરમાં વડીયા તાલુકાના અરજણસુખ અને તોરી ગામ વિસ્તારમાં સિંહણ દ્વારા કરવામાં આવેલા અચાનક અલગ અલગ હુમલાની દુર્ઘટના અત્યંત સંવેદનાપૂર્ણ છે. આ હુમલામાં ભોગ બનેલા વનકર્મી સહિતના કુલ પાંચ નાગરિકો હાલ અમરેલી સ્થિત શાંતાબા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર મેળવી રહ્યા છે.

ઈજાગ્રસ્તોની સ્થિતિની ત્વરિત સમીક્ષા કરવા અમરેલી શાંતાબા સિવિલ હોસ્પિટલ ખાતે રૂબરૂ મુલાકાત

ઈજાગ્રસ્તોના ખબર-અંતર પૂછતા અને તેમના પરિવારજનોને આશ્વાસન આપવા માટે રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ આજરોજ સિવિલ હોસ્પિટલ ખાતે ઈજાગ્રસ્તોની રૂબરૂ મુલાકાત લીધી હતી.

રાજ્યમંત્રીએ પ્રત્યેક ઈજાગ્રસ્ત નાગરિકની મુલાકાત લઈ ભારે સંવેદનાપૂર્વક તેમના સ્વાસ્થ્ય અંગેની વિગતવાર માહિતી મેળવી હતી અને અસરગ્રસ્તોની પડખે સરકાર અડીખમ ઊભી છે તથા તમામ નાગરિકોની સારવારમાં કોઈ પ્રકારની ઉણપ રાખવામાં આવશે નહીં. આ સાથે જ વનવિભાગના ઉચ્ચ અધિકારીઓને પણ સ્થાનિક ગ્રામ્ય વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરી, માનવ-વન્યજીવ સંઘર્ષ નિવારવા અને લોકસુરક્ષા સુનિશ્ચિત કરવા માટેનાં જરૂરી તમામ પગલાં તાત્કાલિક લેવા સૂચનાઓ આપવામાં આવી હતી. મુલાકાત દરમિયાન રાજ્યમંત્રીએ સિવિલ હોસ્પિટલના તબીબી સ્ટાફ અને અધિકારીઓ સાથે વાત કરી દર્દીઓને સમયસર અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત તબીબી સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા રાજ્યમંત્રીએ તબીબી સ્ટાફને સૂચનાઓ આપી હતી. રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આપત્તિની આ કપરી ઘડીમાં અસરગ્રસ્તોના પરિવારજનોને મુશ્કેલીની આ ઘડીમાં ધીરજ રાખવા જણાવ્યું હતું.

# રૂ. 40 હજારની રોકડ સાથે વરલી મટકાનો જુગાર ઝડપાયો, 12 મોબાઇલ કબજે

વ્યારા, તાપી

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. ચાવડાની ટીમે વ્યારા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં મગદુમનગર, કાકરાપાર રોડ પર દાદાજી ચોક પાસે પતરાના કેબીન નીચે ખુલ્લી જગ્યામાં દરોડો પાડી વરલી મટકાનો જુગાર ઝડપી પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન રોકડા રૂ. 40,051 સહિત કુલ રૂ. 1,38,051નો મુદ્દામાલ કબજે કરાયો હતો.



દરોડામાં એક વાહન, 12 મોબાઈલ ફોન, રોકડ રકમ તથા જુગારનું સાહિત્ય સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી સુમીતભાઈ બાબુભાઈ રોકડે, રાજેશભાઈ બાબુભાઈ ચૌધરી, રાજકપુર ધરમવીર ચૌધરી, આનંદભાઈ ઈશ્વરભાઈ રાણા, શૈલેષ મનુભાઈ ગામીત, સલીમભાઈ હુશેનભાઈ કાકર અને મેહુલ જયંતીભાઈ ગામીતને ઝડપી પાડ્યા હતા. આ ઉપરાંત જીગ્નેશભાઈ રામુભાઈ ઢીમ્મર (માછી), રહે. સોનગઢ હાઈવે રોડ, સ્મશાન ભૂમિની બાજુમાં, વ્યારા તથા સ્થળ પર મોબાઈલ ફોન મૂકીને નાસી ગયેલા અન્ય ચાર આરોપીઓ મળી કુલ પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. આ મામલે પકડાયેલા સાત અને વોન્ટેડ પાંચ મળી કુલ 12 આરોપીઓ વિરુદ્ધ વ્યારા પોલીસ સ્ટેશનમાં જુગારધારા તથા ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# દેવગઢ બારીયા નગરપાલિકાનું ફાયર બ્રિગેડ પૂર્વ મંત્રીના ઘરની દિવાળી પહેલા સફાઈમાં!!

## સરકારી ડીઝલ , પાણી અને કર્મચારીઓનો ઉપયોગ અને જાહેર નાણાંના સંભવિત દુરુપયોગ માટે જવાબદાર કોણ

દેવગઢ બારીયા, જાબીર શુક્લા

દેવગઢ બારિયા નગરપાલિકાના ફાયર બ્રિગેડના કથિત ખાનગી ઉપયોગને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. સામે આવેલા વીડિયોમાં ફાયર બ્રિગેડના સાધનોનો ઉપયોગ કરીને એક નિવાસસ્થાનની બહાર પાણીથી સફાઈ કરવામાં આવતી જોવા મળે છે. મળતી માહિતી મુજબ આ સ્થળ પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડનું ધાનપુર-પીપેરો વિસ્તારમાં આવેલું નિવાસસ્થાન હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. મળતી માહિતી પ્રમાણે દિવાળી પૂર્વે ઘરની બહાર સફાઈ માટે દેવગઢ બારીયા નગરપાલિકાનું ફાયર બ્રિગેડ મોકલવામાં આવ્યું હતું. આ કામગીરી નગરપાલિકા પ્રમુખ ધર્મેશ કલાલની સૂચનાથી કરવામાં આવી હોવાનો દાવો થઈ રહ્યો છે. જો કે, આ અંગે નગરપાલિકાનો સત્તાવાર ખુલાસો હજુ જરૂરી છે. અને આ સરકારી



ડીઝલ સાથે જાહેર નાણાંનો ખર્ચનો જવાબદાર કોણ ?.. દેવગઢ બારીયા નગરપાલિકા ફાયર બ્રિગેડ માત્ર ગાડી નથી તેને સ્થળ સુધી લઈ જવા માટે ડીઝલ , સફાઈ માટે પાણી , કામગીરી માટે નગરપાલિકાના કર્મચારીઓનો સમય અને વાહન-મશીનરીનો ઉપયોગ થાય છે. આ તમામ પાછળ પ્રત્યક્ષ કે, પરોક્ષ રીતે જાહેર નાણાં ખર્ચાય છે. ત્યારે જો તપાસમાં સાબિત થાય કે, આ સમગ્ર વ્યવસ્થા કોઈ ખાનગી નિવાસની દિવાળી સફાઈ માટે કરવામાં આવી હતી. તો સવાલ ઊભો થાય છે. કે, સરકારી ડીઝલ , પાણી , કર્મચારીઓ અને જાહેર સંપત્તિનો આ ખર્ચ કયા નિયમ હેઠળ કરવામાં આવ્યો. ?... આ ખર્ચની જવાબદારી કોની ?.. ફાયર બ્રિગેડ મોકલવાનો લેખિત કે, મૌખિક આદેશ કોણે આપ્યો. ?. લોગબુકમાં કયું કારણ નોંધાયું. કેટલું ડીઝલ વપરાયું ?. કેટલું પાણી વપરાયું ?. કેટલા કર્મચારીઓને મોકલવામાં આવ્યા. ?.ખાનગી કામગીરી બદલ નગરપાલિકામાં કોઈ રકમ જમા કરવામાં આવી કે, નહીં ?.. જો કોઈ ચાર્જ લીધા વગર સરકારી સાધનો ખાનગી કામ માટે વપરાયા હોવાનું તપાસમાં બહાર આવે તો ?.. થયેલો ખર્ચ જવાબદાર વ્યક્તિ કે, પદાધિકારી પાસેથી વસૂલ કરવામાં આવશે કે, કેમ ?.. અને લાગુ નિયમો મુજબ કોઈ શિસ્તભંગ કે, અન્ય કાર્યવાહી થશે કે કેમ ?

# પારડીમાં દારૂના જથ્થા સાથે એક ઝડપાયો, બે મહિલાને નોટિસ

પારડી, વલસાડ



સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વાય. બલોચની ટીમે પારડી પોલીસ સ્ટેશનની હદમાં કલસરગામના ચોકી ફળિયા ખાતે જાહેર રોડ પર દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL)નો જથ્થો ઝડપી પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન આશરે 60 પેટી અને 2,051 બોટલ દારૂ-બીયર મળી કુલ રૂ. 5,90,784નો જથ્થો કબજે કરાયો હતો. દરોડામાં દારૂ ઉપરાંત 10 વાહનો અને બે મોબાઈલ મળી કુલ રૂ. 19,86,284નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન સંજય ઉર્ફે સંજય ભયો અશોક સીંગ (રહે. રોહિત કોલોની, સોળ ફળિયું, ઉદવાડા, તા. પારડી, જિ. વલસાડ, મૂળ વતન વિક્રમપુર ગામ, તા. તીયર, જિ. આરા, બિહાર) ઝડપાયો હતો. આ ઉપરાંત બે મહિલા આરોપીઓને નોટિસ આપવામાં આવી હતી, જ્યારે બિપીન પટેલ (રહે. દમણ, વાકડ), કપિલ ભંડારી (રહે. ઓરવાડ ગામ, તા. પારડી, જિ. વલસાડ) અને કુનાલ પટેલને વોન્ટેડ જાહેર કરાયા છે. આ મામલે પકડાયેલા એક, નોટિસ અપાયેલા બે અને વોન્ટેડ ત્રણ આરોપીઓ સહિત કુલ પાંચ આરોપીઓ વિરુદ્ધ પારડી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો છે.

# સિહોદ ડાયવર્ઝન ફરી શરૂ કરવાની વાહનચાલકોની માંગ




## વરસાદી ઋતુમાં ધોવાઈ ગયેલા ડાયવર્ઝનને કારણે વાહનચાલકોને 40 કિમીનો વધારાનો ફેરો

સિહોદ, ઇમરાન મિર્ઝા

સિહોદ ખાતે નેશનલ હાઈવે-56 (NH-56) પર બનાવવામાં આવેલ ડાયવર્ઝન વરસાદી ઋતુ દરમિયાન ધોવાઈ જતાં વાહનવ્યવહારને અસર પહોંચી હતી. ડાયવર્ઝન બંધ હોવાથી વાહનચાલકોને હાલ આશરે 40 કિલોમીટરનો વધારાનો ફેરો ફરવાની ફરજ પડી રહી છે.

હવે વરસાદી ઋતુ પૂર્ણ થવાના આરે છે ત્યારે વાહનચાલકો અને વાહન માલિકો દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી સમક્ષ સિહોદ ખાતેના ડાયવર્ઝનની કામગીરી તાત્કાલિક શરૂ કરી તેને વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવાની માંગ ઉઠી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, સિહોદ ખાતે નવા પુલનું કામ પણ ટૂંક સમયમાં પૂર્ણ થવાની આશા છે. જોકે, નવા પુલનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી જો ડાયવર્ઝનને જરૂરી મરામત સાથે ફરી શરૂ કરવામાં આવે તો રોજિંદા અવરજવર કરતા વાહનચાલકોને મોટી રાહત મળી શકે તેમ છે. વાહનચાલકોની માંગ છે કે સંબંધિત તંત્ર દ્વારા સ્થળની તાત્કાલિક તપાસ કરી ડાયવર્ઝનને સુરક્ષિત રીતે શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે, જેથી વાહનચાલકોનો સમય, ઈંધણ અને વધારાનો 40 કિલોમીટરનો ફેરો બચી શકે.

# નર્સના ઈન્જેક્શન બાદ 12 વર્ષીય બાળકની તબિયત લથડી, ડેન્ગ્યુથી મોતનો પરિવારનો આક્ષેપ

સુરત

સુરતના અઠવા વિસ્તારમાં ૧૨ વર્ષીય મોહમ્મદ જેદ મલિકનું ડેન્ગ્યુની સારવાર દરમિયાન મોત થતાં પરિવાર શોકમાં ગરકાવ થયો છે. બાળક ચાર દિવસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. પરિવારજનોએ ડોક્ટરની બેદરકારીથી મોત થયું હોવાનો આક્ષેપ કર્યો છે.




પરિવારના જણાવ્યા મુજબ, રાત્રિના સમયે મોહમ્મદને પેટમાં દુખાવો ઉપડતાં નર્સે તેને ઈન્જેક્શન આપ્યું હતું. ત્યારબાદ તેને ચારથી પાંચ વાર ઝાડા થયા હતા અને ઝાડા બાદ બાળક બેભાન થઈ ગયો હતો. હાજર સ્ટાફે બાળકને અન્ય હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવાની સલાહ આપી હતી. પરિવારજનોએ મહંમદને અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં હાજર તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. પરિવારનો આક્ષેપ છે કે નર્સે ઈન્જેક્શન આપ્યા બાદ બાળકની તબિયત વધુ લથડી હતી. મૃતક મોહમ્મદના પરિવારમાં માતા-પિતા અને બે મોટી બહેનો છે. સમગ્ર ઘટનાને પગલે પરિવાર પર શોકની લાગણી છવાઈ છે. બનાવ અંગે અઠવા પોલીસે તપાસ હાથ ધરી છે.

# છાણભોઈમાં વિધવા મહિલાની તીક્ષ્ણ હથિયારથી હત્યા, પ્રેમી ઝડપાયો

## બે વર્ષથી સાથે રહેતા પ્રેમીએ જ હત્યા કરી હોવાનો આક્ષેપ; શિનોર પોલીસે આરોપીને ઝડપી લીધો

સાધલી, હસમુખ પટેલ

આજરોજ તારીખ 4 ઓક્ટોબર 2026 રવિવારે સવારના 08:00 વાગ્યાથી 8:30 વાગ્યા ની વચ્ચે શિનોર પોલીસ સ્ટેશને છાણભોઈ ગામેથી ફોનથી જાણકારી આપી હતી કે નવીનગરીમાં રહેતી એક વિધવા મહિલાનું મર્ડર થયેલ છે.

શિનોર પોલીસ સ્ટેશનના પી. આઈ. આર.આર. વસાવા એ તાત્કાલિક ધોરણે વડોદરા રૂરલ ડી.વાય.એસ.પી.ને જાણ કરતાં ડી.વાય.એસ.પી. આકાશ પટેલ સહિત શિનોર પોલીસ કાફલો છાણભોઈ પહોંચી ગયો હતો. અને તપાસ કરતા હકીકત બહાર આવી કે છાણભોઈ નવીનગરી વિસ્તાર ખાતે રહેતા મનીષાબેન કિરણભાઈ વસાવા ને તીક્ષ્ણ હથિયારના ઘા મારીને તેની સાથે રહેતા તેના પ્રેમી દ્વારા જ મોતને ઘાટ ઉતારેલ છે.

મૃતક મહિલા મનીષા વસાવા ના પતિનું દસ વર્ષ પહેલા મૃત્યુ થયું હતું અને તેને એક પુત્રી હતી જેના લગ્ન થઈ ગયા હતા અને તેનો પુત્ર સોહમ જે તેના મામાના ઘરે રહેતો હતો. મૃતક મહિલા શિનોરના છાણભોઈ ગામે આવેલ નવીનગરી વિસ્તારમાં



એકલા રહેતા હતા, અને છેલ્લા બે વર્ષ થી ગામના જ અન્ય વ્યક્તિ સતીશ નટવર વસાવા સાથે પતિ પત્ની (પ્રેમી) તરીકે રહેતા હતા. મનીષાના સાસુ બીજે સ્થળે રહેતા હતા.

મનીષાની સાથે જ રહેતા તેના પ્રેમી સતીશ નટવર વસાવા દ્વારા અગમ્ય કારણોસર તીક્ષ્ણ હથીયારથી મનીષાની હત્યા કરી મોતના ઘાટે ઉતારી હતી. મૃતક મહિલાના પુત્ર સોહમની ફરિયાદ શિનોર પોલીસે લઈ વધુ તપાસ હાથ ધરી, આરોપીને ઝડપી પાડેલ છે. અને લાશનું મોટા ફોફળિયા મુકામે પોસ્ટમોર્ટમ કરાવી લાશ તેના સંબંધીઓ ને આપવામાં આવેલ છે. નાનકડા છાણભોઈ ગામમાં આ ખૂનનો કિસ્સો બનતાં હાહાકાર મચી ગયો છે. વડોદરા જિલ્લા ગ્રામ્ય વિસ્તારના ડભોઈના ડીવાયએસપી આકાશ પટેલ દ્વારા આ જાણકારી આપવામાં આવી હતી.

મૃતક મનિષા વસાવા અગાઉ આશા વર્કર તરીકે સેવા આપતા હતા અને ત્યારબાદ તાલુકા પંચાયત શિનોરમાં પણ તેઓ સભ્ય તરીકે ચૂંટાયા હતા. અને પતિના મૃત્યુ બાદ એકલા નવીનગરી વિસ્તારમાં રહેતા હતા.



### 100 વર્ષ જૂના હેરિટેજ હાઉસને બનાવ્યું કાયમી ઘર

# મુંબઈની ચમક છોડી હિમાચલમાં વસ્યા યામી ગૌતમ અને આદિત્ય ધર

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી યામી ગૌતમ અને ફિલ્મમેકર આદિત્ય ધરને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. એક રિપોર્ટ અનુસાર, કપલે મુંબઈ છોડીને હિમાચલ પ્રદેશને પોતાનું કાયમી ઠેકાણું બનાવી લીધું છે. મુંબઈની ભાગદોડ અને સતત લાઈમલાઈટથી દૂર શાંતિપૂર્ણ જીવન જીવવાની ઈચ્છાને કારણે બંનેએ આ નિર્ણય લીધો હોવાનું કહેવાય છે. જોકે, ફિલ્મી કામકાજના કારણે બંનેનું મુંબઈ આવવા-જવાનું ચાલુ રહેશે. એક રિપોર્ટ અનુસાર, યામી માટે હિમાચલ પ્રદેશ માત્ર ફરવા માટેનું સ્થળ નથી, પરંતુ તેની સાથે તેનો ઊંડો પારિવારિક અને ભાવનાત્મક સંબંધ છે. 37 વર્ષની યામીનો જન્મ હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં થયો હતો. લગ્ન પહેલાં જ તેણે મંડીના ગોહરમાં આશરે 25 એકર જમીન પર બનેલું 100 વર્ષ જૂનું હેરિટેજ ઘર ખરીદ્યું હતું. જે તેના બાળપણની યાદોથી જોડાયેલું છે. આ ઘર કપલ માટે ખાસ પણ છે, કારણ કે 4 જૂન 2021ના રોજ બંનેએ આ જ હિમાચલી પ્રોપર્ટીમાં લગ્ન કર્યા હતા. લાકડા અને પથ્થરથી બનેલું આ ઘર હરિયાળી અને બગીચાઓથી ઘેરાયેલું છે. અહીં સફરજન, બટાકા, આલૂબુખારા અને આદુ જેવી વસ્તુઓનું ઉત્પાદન પણ થાય છે. રિપોર્ટ અનુસાર, યામી અને આદિત્યએ આ મિલકતને ભવ્ય સેલિબ્રિટી હાઉસમાં ફેરવવાને બદલે તેની સાદગી અને કુદરતી સ્વરૂપ જાળવી રાખ્યું છે. તેઓ કથિતરીતે ત્યાં જ કાયમી રહેવા માટે શિફ્ટ થઈ ગયા છે. મુંબઈમાં રહેતા સમયે યામી અને આદિત્ય ખાર વેસ્ટ વિસ્તારમાં એક મોટા ભાડાના એપાર્ટમેન્ટમાં રહેતા હતા. ‘ધુરંધર’ના પ્રમોશન દરમિયાન આદિત્યએ પોતાના મુંબઈના ઘરના સરનામા સાથે જોડાયેલી મજાક પણ કરી હતી, કારણ કે તેમનું ઘર ચિત્રકાર ધુરંધર માર્ગ પર હતું. અહેવાલો અનુસાર, કપલે આ એપાર્ટમેન્ટ લાંબા સમય માટે ભાડે લીધું હતું અને બાદમાં ‘ધુરંધર’ની સફળતા પછી તેને ખરીદ્યું હોવાની પણ ચર્ચા થઈ હતી. યામી અને આદિત્ય છેલ્લા કેટલાક સમયથી પોતાની અંગત જિંદગી ખાનગી રાખવા માટે જાણીતા છે. ‘ધુરંધર’ અને ‘ધુરંધર 2: ધ રિવેન્જ’ની સફળતા બાદ આદિત્યની લોકપ્રિયતા વધી હોવા છતાં તે જાહેરમાં બહુ ઓછા જોવા મળે છે. તાજેતરમાં ગુજરાતના એકતા નગરમાં યોજાયેલા નેશનલ ફિલ્મ અવોર્ડ સમારોહમાં બંને નજરે પડ્યા હતા.

**યામી અને આદિત્ય છેલ્લા કેટલાક સમયથી પોતાની અંગત જિંદગી ખાનગી રાખવા માટે જાણીતા છે**

# ગોવિંદાના અફેરની ચર્ચા વચ્ચે દીકરી ટીના ભડકી

## પરિવારની અંગત બાબતો અંગે વધુ સવાલો થાય નહીં તેના માટે તેણે માત્ર “થેન્ક્યૂ” કહીને વાત ટાળી દીધી

પેરિસ

બોલીવુડ અભિનેતા ગોવિંદા અને અભિનેત્રી કોમલ રાની સ્વર્ણકારના કથિત અફેરની ચર્ચા વચ્ચે હવે તેમની દીકરી ટીના આહુજાની પ્રતિક્રિયા સામે આવી છે. પરિવાર સાથે જોડાયેલા સવાલોથી કંટાળેલી ટીના એક ઈવેન્ટ દરમિયાન પાપારાઝીના સવાલ પર નારાજ થઈ હતી અને કોઈ જવાબ આપ્યા વગર ત્યાંથી ચાલી ગઈ હતી. હાલમાં જ મુંબઈમાં યોજાયેલા એક ઈવેન્ટમાં ટીના હાજર રહી હતી. આ દરમિયાન એક પાપારાઝીએ તેમને પરિવારની અંદર ચાલી રહેલી ચર્ચા અને કોમલ રાની દ્વારા તેની માતા સુનીતા આહુજા વિશે કરવામાં આવેલા નિવેદનો અંગે સવાલ કર્યો હતો. સવાલ પૂરો થાય તે પહેલાં જ ટીના બોલી ઉઠી કે, ’પ્લીઝ, આપણે અહીં માત્ર આ જ બાબત વિશે વાત કરીએ. થેન્ક્યૂ.’ ત્યાર બાદ તે સ્ટેજ પરથી આગળ વધી ગઈ હતી. હાલમાં ગોવિંદા-કોમલ રાનીના કથિત અફેરની ચર્ચા વચ્ચે ટીના આહુજાનું આ મૌન ઘણું કહે છે. પરિવારની અંગત બાબતો અંગે વધુ સવાલો થાય નહીં તેના માટે તેણે માત્ર “થેન્ક્યૂ” કહીને વાત ટાળી દીધી હતી. બીજી તરફ ગોવિંદા અને કોમલ બંને આ સંબંધને પ્રોફેશનલ ગણાવી રહ્યા હોવાથી આ મામલો હજુ પણ ચર્ચામાં છે.
ટીનાના આ રિએક્શનથી સ્પષ્ટ થયું કે તે પોતાના પરિવારની અંગત બાબતોને જાહેર ચર્ચામાં લાવવા માંગતી નથી. ખાસ વાત એ છે કે તેણે ન તો માતા સુનીતા આહુજાના સમર્થનમાં કોઈ નિવેદન આપ્યું નહોતું કે ના તો કોમલ રાની વિરુદ્ધ કંઈ કહ્યું. તેના બદલે તેણે સવાલ ટાળીને ત્યાંથી ચાલવાનું પસંદ કર્યું હતું. વિવાદોમાં ગોવિંદાનું લગ્નજીવન દરમિયાન ગોવિંદા અને કોમલ રાની વચ્ચેના સંબંધોને લઈને છેલ્લા કેટલાક



# સંજય દત્તે ‘મુન્નાભાઈ’ બની PM મોદી અને ટ્રમ્પને આપ્યો સંદેશ

## સંજય દત્તે ફરી એકવાર પોતાના લોકપ્રિય પાત્ર ‘મુન્નાભાઈ’ના અંદાજમાં રાજકીય અને સામાજિક મુદ્દાઓ પર વ્યંગ કર્યો

મુંબઈ

બોલિવૂડ અભિનેતા સંજય દત્તે ફરી એકવાર પોતાના લોકપ્રિય પાત્ર ‘મુન્નાભાઈ’ના અંદાજમાં રાજકીય અને સામાજિક મુદ્દાઓ પર વ્યંગ કર્યો છે. શેખર સુમનના શો ‘શેખર ટુનાઈટ’ના ગાંધી જયંતિ વિશેષ એપિસોડમાં સંજય દત્તને પાંચ મિનિટ માટે પોતાને ભારતના વડાપ્રધાન તરીકે કલ્પના કરીને દેશની જનતાને સંબોધવા કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ તેણે મુન્નાભાઈની આગવી ભાષા અને અંદાજમાં રમૂજી પરંતુ ગંભીર સંદેશ આપ્યો હતો. સૌથી પહેલાં સંજય દત્તે ભારતની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું કે ભારતના લોકો ખૂબ જ પ્રેમાળ, મોટા દિલવાળા અને મહેમાન આવકાર્ય લોકો છે, પરંતુ હવે તેમને પોતાના દેશમાં પહેલાં જેવી શાંતિ અનુભવાતી નથી. તેણે ભગવાન શિવને પ્રાર્થના કરી કે દેશમાં ફરીથી એ શાંતિના દિવસો પાછા આવે.

‘મુન્નાભાઈ’ સ્ટાઈલમાં વડાપ્રધાન બનેલા સંજય દત્તે કહ્યું કે, ચાલો દેશમાં કંઈક તો ચાલી રહ્યું છે. મારા પ્રિય દેશવાસીઓ હું વડાપ્રધાન બનીને ખુશ થયો. આટલો મોટો દેશ છે. આટલા બધા લોકો છે અને આપણા બધાની જવાબદારી મારા પર. આગળ તેણે કહ્યું પરંતુ ચિંતા ન કરશો તે દેશની ખુશી મનાવવા વિદેશ નહીં જાય, પરંતુ દેશના લોકો વચ્ચે જ રહેશે. તેણે મજાકિયા અંદાજમાં કહ્યું કે વડાપ્રધાન અને જનતા વચ્ચે કનેક્શન જાળવવા માટે જનતાની વચ્ચે રહેવું જરૂરી છે. આ વાતને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશ પ્રવાસો પર કરાયેલા પરોક્ષ વ્યંગ તરીકે પણ જોવામાં આવી રહી છે. સંજય દત્તે મહાત્મા ગાંધીના ત્રણ વાંદરાઓનો ઉલ્લેખ કરીને તેમાં એક ‘ચોથો વાંદરો’ ઉમેરવાની વાત કરી હતી. તેમના મતે માત્ર ખરાબ ન જોવું, ખરાબ ન સાંભળવું અને ખરાબ ન બોલવું પૂરતું નથી; જો કોઈ ખરાબ બાબત દેખાય તો તેને સુધારવાની જવાબદારી પણ હોવી જોઈએ. તેણે સવાલ ઉઠાવ્યો કે જો ત્રણેય વાંદરા આંખ, કાન અને મોં બંધ કરીને બેસી જાય તો દેશ કેવી રીતે ચાલશે? આ દરમિયાન અભિનેતાએ જાહેર સ્થળોએ નેતાઓના ફોટા લગાવવાની બાબત પર પણ વ્યંગ કર્યો હતો. તેણે કહ્યું કે જો તે વડાપ્રધાન બને તો જ્યાં-જ્યાં વડાપ્રધાનના ફોટા લગાવવામાં આવ્યા છે ત્યાં તેને ઓછા કરશે અને દેશનો ફોટો વધુ દેખાવો જોઈએ.





# ફ્લાઈદુબઈના ‘રિયલ હીરો’ને શાહરૂખ ખાનની સલામ

## શાહરુખ ખાને કહ્યુ ‘દેશને તમારા પર ગર્વ છે’; કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીને બિરદાવી

મુંબઈ

ફ્લાઈદુબઈની ફ્લાઈટમાં હવામાં સર્જાયેલી ગંભીર પરિસ્થિતિ દરમિયાન પોતાનો જીવ જોખમમાં મૂકીને મુસાફરોના પ્રાણ બચાવનાર ભારતીય પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીની ચોતરફ પ્રશંસા થઈ રહી છે. હવે બોલિવૂડના ‘કિંગ’ શાહરૂખ ખાને પણ કેપ્ટન સ્મિત મચ્છરને સલામ કરતા સોશિયલ મીડિયા પર ખાસ પોસ્ટ શેર કરી છે. શાહરૂખની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. શાહરૂખ ખાને પોતાની પોસ્ટમાં કેપ્ટન સ્મિત મચ્છરની હિંમત અને ફરજ પ્રત્યેની નિષ્ઠાની પ્રશંસા કરી હતી. અભિનેતાએ લખ્યું કે, ’કેપ્ટન સ્મિત મચ્છર, જ્યારે સૌથી વધુ જરૂર હતી ત્યારે તમે મજબૂત બનીને ઊભા રહ્યા.’ તેણે આગળ કહ્યું કે મુશ્કેલી સામે અડીખમ ઊભા રહેવું અને પોતાની સુરક્ષાને જોખમમાં મૂકવી સરળ નથી, પરંતુ સ્મિતે વિમાનમાં સવાર લોકોની સુરક્ષા માટે એવું જ કર્યું, સાહસ અને ફરજની સાચી મિસાલ’. આ સાથે તેના ઝડપી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી. કેપ્ટન સ્મિત મચ્છરની આ હિંમતની માત્ર શાહરૂખ ખાને જ નહીં, પરંતુ સલમાન ખાન ઉપરાંત અન્ય બોલિવૂડ કલાકારોએ પણ સ્મિતની બહાદુરીને બિરદાવી છે. આ ઘટના બાદ કેપ્ટન સ્મિત મચ્છર આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યો છે. યુએઈની જનરલ સિવિલ એવિએશન ઓથોરિટીએ પણ કેપ્ટન, ફ્લાઈટ ક્રૂ અને પરિસ્થિતિ કાબૂમાં લેવામાં મદદ કરનારા મુસાફરોની પ્રશંસા કરી છે. ઘટનાની તપાસ પણ ચાલી રહી છે. શાહરૂખ ખાનની પોસ્ટ બાદ કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીને ફરી એકવાર દેશભરમાં સલામ મળી રહી છે. પોતાની જિંદગી જોખમમાં હોવા છતાં વિમાનમાં સવાર લોકોની સુરક્ષાને પ્રથમ પ્રાથમિકતા આપનાર સ્મિતે પાઈલટ તરીકેની ફરજ અને હિંમતનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# ‘દૃશ્યમ 3’ની ધમાકેદાર કમાણી વચ્ચે ‘હનુમાન અંશ’નો જલવો યથાવત, 58મા દિવસે 1 લાખથી વધુ દર્શકો થિયેટરમાં પહોંચ્યા

મુંબઈ

અજય દેવગનની ‘દ્રશ્યમ 3: ધ કન્ક્લૂઝન’ બોક્સ ઓફિસ પર ધમાકેદાર કમાણી કરી રહી છે, છતાં ‘હનુમાન અંશ’ નો જાદુ ઓછો થયો નથી. નીમ કરોલી બાબા પર આધારિત ડૉ. વિશાલ ચતુર્વેદીની આ ભક્તિ-ડ્રામા ફિલ્મે રિલીઝના 58મા દિવસે પણ શાનદાર પકડ જાળવી છે. શોઝની સંખ્યા ઘટી હોવા છતાં એક લાખ દર્શકો સિનેમાઘરોમાં પહોંચ્યા હતા. આ ફિલ્મે દુનિયાભરમાં 419 કરોડ રૂપિયાથી વધારે ગ્રોસ કલેક્શન કરી ચુકી છે. બીજી તરફ ’દ્રશ્યમ 3’ એ સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્નાની ’ધ વન’ ને જાટકો આપ્યો છે. નવી રિલીઝ થયેલી ફિલ્મ ’પ્રેમ કીટાણુ’ પછડાઈ છે. શોભિનવ સત્ય સ્ટારર ફિલ્મ ’હનુમાન અંશ’ ના શોઝ ફિલ્મ ’દ્રશ્યમ 3’ ના રિલીઝના લીધે ત્રણ ગણા ઘટી ગયા છે. ‘હનુમાન અંશ’ પહેલાં 4,000થી વધુ શોઝમાં ચાલી રહી હતી, પરંતુ ‘દ્રશ્યમ 3’ની રિલીઝ બાદ હવે તેના માત્ર 1,339 શોઝ બાકી રહ્યા છે. તેમ છતાં 58મા દિવસે ’હનુમાન અંશે’ 2.10 કરોડ રૂપિયાની નેટ કમાણી કરી, એક દિવસ પહેલા એટલે કે ’દ્રશ્યમ 3’ ની રિલીઝ વચ્ચે 57મા દિવસે ફિલ્મે 2.25 કરોડ રૂપિયાની નેટ કમાણી કરી હતી. ભારતમાં ફિલ્મનું કુલ ગ્રોસ કલેક્શન 379.96 કરોડ રૂપિયા અને નેટ કલેક્શન 321.73 કરોડ રૂપિયા થઈ ગયું છે. માત્ર 2 કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મે પોતાના બજેટની સરખામણીએ લગભગ 161 ગણો બિઝનેસ કર્યો છે. હવે ‘હનુમાન અંશ’ની નજર સની દેઓલ અને વરુણ ધવનની ‘બોર્ડર 2’ ના રેકોર્ડ પર છે. ‘બોર્ડર 2’એ ભારતમાં 341.70 કરોડ રૂપિયાનો નેટ બિઝનેસ કર્યો હતો અને 2026ની બીજી સૌથી વધુ કમાણી કરનારી બોલિવૂડ ફિલ્મ છે. ‘હનુમાન અંશ’ હાલમાં આ રેકોર્ડથી આશરે 20 કરોડ રૂપિયા દૂર છે.



## સ્પોર્ટ્સ

પાક્કો ગુજરાત
સોમવાર | 05 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### ડેથ ઓવર્સમાં ફ્લોપ થતાં કેપ્ટન શુભમન ગિલ લાલઘૂમ, વેસ્ટ ઈન્ડિઝનો સૌથી મોટો રનચેઝ

# 352 રન બનાવીને પણ ભારત હાર્યું: 7 કેચ છોડ્યા

મુલ્લાંપુર

ભારત વેસ્ટ ઈન્ડિઝ સામે 3જી ODI હારતા શુભમન ગિલે નબળી ફિલ્ડિંગ અને બોલિંગ અંગે નારાજગી વ્યક્ત કરી. મુલ્લાંપુરમાં 352 રનનો ટાર્ગેટ ચેઝ કરીને વેસ્ટ ઈન્ડિઝે 5 વિકેટે જીત મેળવી. કેપ્ટન શાઈ હોપે 162 રનની અણનમ ઈનિંગ રમી, જેમાં ધોનીના ગુરુમંત્રનો પ્રભાવ હતો. ગિલે વર્લ્ડ કપ પહેલા 6-7 કેચ છોડવાને ચિંતાજનક ગણાવ્યા. ભારતીય ક્રિકેટ ટીમે ભલે વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચોની વનડે સિરીઝ 2-1 થી પોતાના નામે કરી લીધી હોય, પરંતુ મુલ્લાંપુરમાં રમાયેલા ત્રીજા અને આખરી વનડે મુકાબલામાં મળેલી હારે આગામી વર્લ્ડ કપ પહેલા ટીમ ઈન્ડિયા સામે ગંભીર સવાલો ઊભા કરી દીધા છે. સ્કોરબોર્ડ પર 352 રનનો જંગી સ્કોર ખડક્યા બાદ પણ ભારતીય ટીમ પોતાના ટાર્ગેટનો બચાવ કરવામાં સદંતર નિષ્ફળ રહી હતી. શનિવારે મુલ્લાંપુરના મહારાજા યાદવીન્દ્ર સિંહ




ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ હાઈ-વોલ્ટેજ મેચમાં કેરેબિયન ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કરીને 5 વિકેટે યાદગાર વિજય નોંધાવ્યો હતો. હાર બાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલે મેદાન પરની નબળી ફિલ્ડિંગ અને ડેથ ઓવર્સની દિશાહીન બોલિંગ અંગે ભારે નારાજગી વ્યક્ત કરતા સાથી ખેલાડીઓને સ્પષ્ટ ચેતવણી આપી છે. ગ્રોઈન ઈન્જરી છતાં શાઈ હોપની અણનમ 162 રનની તોફાની ઈનિંગ વેસ્ટ ઈન્ડિઝની આ ઐતિહાસિક જીતનો અસલી હીરો તેમનો કેપ્ટન શાઈ હોપ રહ્યો હતો.

ગ્રોઈન ઈન્જરી (સાથળની ઈજા)ની તીવ્ર પીડા છતાં હોપે મેદાન છોડ્યું નહોતું અને એક છેડો સાચવી રાખીને પોતાના વનડે કરિયરની 21મી સદી ફટકારી હતી. તેણે અણનમ 162 રનની કેપ્ટન ઈનિંગ રમીને પોતાની ટીમને 10 બોલ બાકી રહેતા 352 રનનો વિશાળ ટાર્ગેટ સર કરાવી દીધો હતો. વનડે ક્રિકેટના ઈતિહાસમાં વેસ્ટ ઈન્ડિઝ દ્વારા સફળતાપૂર્વક ચેઝ કરવામાં આવેલો આ સૌથી મોટો રન ટાર્ગેટ છે. રસપ્રદ બાબત એ છે કે હોપની આ સતત બીજી સદી હતી; અગાઉ ગુવાહાટી વનડેમાં પણ તેણે સદી ફટકારી હતી અને મુલ્લાંપુરમાં વધુ એક મોટી ઈનિંગ રમી ભારતના ક્લીન સ્વીપના સપના પર પાણી ફેરવી દીધું હતું.

## ચાલુ મેચમાં કોહલીએ જયસ્વાલને ડાન્સ શીખવ્યો

મુલ્લાંપુર

ઈન્ડિયન ટીમના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીનો મેદાન પર મસ્તીભર્યો અંદાજ એક વાર ફરી ચાહકોના દિલ જીતી રહ્યો છે. 3 ઓક્ટોબરે વેસ્ટ ઈન્ડીઝ સામે મુલ્લાનપુરમાં રમાયેલી સિરીઝની ત્રીજી વન-ડેમાં કોહલીએ મેદાન પર એવો રંગ જમાવ્યો કે ભારતીય ખેલાડીઓ પણ પોતાનું હસવું રોકી શક્યા નહીં. ડ્રિંક્સ બ્રેક દરમિયાન કોહલીએ યશસ્વી જયસવાલને ડાન્સના કેટલાક સ્ટેપ્સ શીખવ્યા, જેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર ખૂબ વાઇરલ થઈ રહ્યો છે. ભારત જ્યારે વેસ્ટ ઈન્ડીઝ સામે 352 રનનો ટાર્ગેટ ડિફેન્ડ કરી રહ્યું હતું, તે દરમિયાન ખેલાડીઓ બાઉન્ડરી પાસે ડ્રિંક્સ બ્રેક માટે ભેગા થયા હતા. આ જ સમયે વિરાટ કોહલીએ



અચાનક પોતાના ડાન્સ મુવ્સ બતાવવાના શરૂ કરી દીધા. યશસ્વી જયસવાલ પણ પોતાને રોકી શક્યો નહીં અને તેણે કોહલીના સ્ટેપ્સની નકલ કરવાનું શરૂ કરી દીધું. ત્યારબાદ બંને એકબીજાને જોઈને જોરથી હસી પડ્યા. નજીક ઊભેલા રવીન્દ્ર જાડેજા પણ આ મજેદાર ક્ષણની મજા લેતા નજરે પડ્યો. જોતજોતામાં કેમેરાની નજર આ આખી ઘટના પર પડી અને કોહલી-જયસવાલનો આ અંદાજ સોશિયલ મીડિયા પર છવાઈ ગયો.

### એશિયન ગેમ્સમાં 4 ગોલ્ડ વધુ જીત્યા

## 24 વર્ષ બાદ છોકરાઓથી આગળ નીકળી ભારતની દીકરીઓ

નાગોયા

એશિયન ગેમ્સ 2026માં ભારતનું અભિયાન પૂર્ણ થઈ ચૂક્યું છે. છેલ્લે દિવસે ઘોડેસવારીની બે ગોલ્ડ મેડલ ઈવેન્ટ્સ છે, પરંતુ તેમાં કોઈ ભારતીય ખેલાડી ભાગ લઈ રહ્યો નથી. ભારતે જાપાનના આઈચી-નાગોયામાં 21 ગોલ્ડ સહિત કુલ 85 મેડલ જીત્યા છે. ઉઝબેકિસ્તાને પણ ભારત જેટલા જ ગોલ્ડ જીત્યા છે, પરંતુ વધુ સિલ્વરના આધારે ભારત ચોથા સ્થાને છે.

રવિવારે જો ઉઝબેકિસ્તાન કોઈ ગોલ્ડ નહીં જીતે તો ભારત ચોથા સ્થાને જ રહેશે. આગળ 5 પોઈન્ટ્સમાં વાંચો 2026



એશિયન ગેમ્સનો સાર 2002 પછી પહેલી વાર ભારતની મહિલાઓએ વધુ મેડલ જીત્યા બોક્સિંગ અને કુસ્તીમાં પ્રદર્શન સુધર્યું, શૂટિંગ-એથ્લેટિક્સમાં પાછળ રહ્યા ટીમ ઈવેન્ટ્સમાં દબદબો, હોકીમાં ગોલ્ડ સાથે ઓલિમ્પિક ટિકિટ પણ ચીનના વર્ચસ્વને 44 વર્ષથી કોઈ પડકાર નથી 53 વર્લ્ડ રેકોર્ડ અને 76 એશિયન રેકોર્ડ તૂટ્યા ભારતે આ વખતે મહિલાઓની ઈવેન્ટમાં 11 અને પુરુષોની ઈવેન્ટમાં 7 ગોલ્ડ જીત્યા. 3 ગોલ્ડ મિક્સ્ડ ઈવેન્ટમાં મળ્યા. આ પહેલાં 2002માં બુસાનમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ભારતની મહિલાઓ આગળ રહી હતી. ત્યારે ભારતે મહિલાઓની ઈવેન્ટમાં 6 અને પુરુષોની ઈવેન્ટમાં 5 ગોલ્ડ જીત્યા હતા. ભારતે 2023માં ચીનના ગ્વાંગઝૂમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં 28 ગોલ્ડ સાથે 106 મેડલ જીત્યા હતા. ત્યારે ભારતે શૂટિંગમાં 7 અને એથ્લેટિક્સમાં 6 ગોલ્ડ જીત્યા હતા. આ વખતે શૂટિંગમાં 3 અને એથ્લેટિક્સમાં માત્ર 1 ગોલ્ડ મળ્યો.

## 15 વર્ષના સૂર્યવંશીએ એશિયન ગેમ્સમાં રચ્યો ઈતિહાસ

### સૂર્યવંશી એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનારો ભારતનો સૌથી યુવા એથ્લેટ બન્યો

નવી દિલ્હી

2026 એશિયન ગેમ્સમાં ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે પાકિસ્તાનને 19 રને હરાવી ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે. આ ઐતિહાસિક જીત સાથે 15 વર્ષીય વૈભવ સૂર્યવંશી એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનારો ભારતનો સૌથી યુવા એથ્લેટ બન્યો છે. તેણે સૌરભ ચૌધરીનો 16 વર્ષની ઉંમરે ગોલ્ડ જીતવાનો રેકોર્ડ તોડી નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. 2026 એશિયન ગેમ્સમાં ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે કટ્ટર હરીફ પાકિસ્તાનને ફાઈનલમાં 19 રને હરાવીને ગોલ્ડ મેડલ પોતાને નામે કરી લીધો છે. ટીમ ઈન્ડિયાની આ ઐતિહાસિક જીત સાથે 15 વર્ષીય યુવા ક્રિકેટર વૈભવ




સૂર્યવંશીએ એક એવો મોટો કીર્તિમાન સ્થાપિત કર્યો છે, જે અગાઉ એશિયન રમતોમાં કોઈ પણ ભારતીય ખેલાડી કરી શક્યો નથી. સૌથી યુવા ગોલ્ડ મેડલિસ્ટ: 3 ઓક્ટોબરે જ્યારે ભારતીય ટીમે પાકિસ્તાનને પરાજય આપ્યો, ત્યારે વૈભવ સૂર્યવંશીની ઉંમર 15 વર્ષ અને 190 દિવસ હતી. આ સાથે જ તે એશિયન ગેમ્સના ઈતિહાસમાં સુવર્ણ ચંદ્રક જીતનારો ભારતનો સૌથી નાની વયનો એથ્લેટ બની ગયો છે. સૌરભ ચૌધરીનો રેકોર્ડ ધ્વસ્ત: આ અગાઉ આ રેકોર્ડ ભારતીય સ્ટાર શૂટર સૌરભ ચૌધરીના નામે હતો, જેમણે 2018 જકાર્તા એશિયન ગેમ્સમાં 16 વર્ષની વયે 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઓવરઓલ મેડલ યાદી: એશિયન ગેમ્સમાં કોઈપણ મેડલ જીતનારા સૌથી યુવા ભારતીય તરીકેનો રેકોર્ડ સંજના ભાતુલાના નામે છે, જેમણે 2022 એશિયન ગેમ્સમાં 15 વર્ષ, 3 મહિના અને 11 દિવસની ઉંમરે સ્પીડ સ્કેટિંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## બિઝનેસ

### માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ પર થનારી અસરનું મૂલ્યાંકન કેસ-ટુ-કેસ આધારે કરવું પડશે

## દુષ્કાળ વચ્ચે મહારાષ્ટ્ર-કર્ણાટકમાં MFIS સાવચેત બની

મુંબઈ

કર્ણાટક અને મહારાષ્ટ્રમાં મોટો વ્યાપ ધરાવતી માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ (MFIs)ને લોન મંજૂર કરતી વખતે સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી રહી છે, જેથી એનપીએ (ડિફોલ્ટ) થવાની નવી શક્યતાઓને ટાળી શકાય. આ બંને રાજ્યો ભારતના ચોથા અને પાંચમા સૌથી મોટા માઈક્રોફાઈનાન્સ બજારો છે અને બંને રાજ્ય સરકારોએ પોતાના મોટાભાગના વિસ્તારોમાં દુષ્કાળ જાહેર કર્યો છે. મહારાષ્ટ્ર સરકારે ગયા અઠવાડિયે રાજ્યના ૩૫૮ તાલુકાઓમાંથી ૨૬૫ તાલુકાઓમાં દુષ્કાળ જાહેર કર્યો હતો, જે રાજ્યના લગભગ ૭૪% વિસ્તારને આવરી લે




છે. કર્ણાટક પણ ગંભીર દુષ્કાળનો સામનો કરી રહ્યું છે, જ્યાં સત્તાવાર રીતે ૧૭૭ તાલુકાઓને અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. માઈક્રોફાઈનાન્સ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર એક મહત્વનું માઈક્રોફાઈનાન્સ માર્કેટ છે. જૂન ૨૦૨૩ સુધીમાં આશરે ૪.૫૯ મિલિયન (૪૫.૯ લાખ) અનન્ય ઋણધારકો (બોરોઅર્સ) અને રૂ. ૨૪,૦૮૭ કરોડની બાકી લોન સાથે તે આ માપદંડના આધારે ટોચના પાંચ રાજ્યોમાં સ્થાન ધરાવે છે. જ્યારે દુષ્કાળ જાહેર થાય છે, ત્યારે રાજ્ય સ્તરની બેંકર્સ કમિટી આરબીઆઈ (RBI)ની માર્ગદર્શિકા અનુસાર રાહત પગલાં અંગે નિર્ણય લે છે, જે સામાન્ય રીતે કૃષિ લોનને લાગુ પડે છે. સુત્રોએ જણાવ્યું હતું કે, જોકે માઈક્રોફાઈનાન્સ લોન સીધી ખેતી/પાક ઉત્પાદન માટે હોતી નથી, પરંતુ અન્ય સંલગ્ન આજીવિકાઓ સાથેના જોડાણને ધ્યાનમાં રાખીને માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. ઈકરા એ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં મોટા પ્રમાણમાં પોર્ટફોલિયો ધરાવતી માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ અને એનબીએફસીમાં લોનની ચુકવણીમાં વિલંબ વધી શકે છે.

### સેબીને તેના કન્સલ્ટેશન પેપર અંગે 3500થી વધુ સૂચનો અને પ્રતિભાવો મળ્યા

## ક્લોઝિંગ ઓક્શન સેશન માટે સેબી ટૂંકમાં નવું માળખું જાહેર કરશે

મુંબઈ

શેર બજાર અને અન્ય મૂડી બજાર સંબંધિત વ્યવહારો-સોદા માટે યુપીઆઈ મારફતે કરવામાં આવતી ચૂકવણી પર લાગતા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) માં ફેરફાર લાવવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ અંતર્ગત હાલના ૦.૦૨ ટકા એમડીઆર, જે લગભગ રૂ.૩૦૦ સુધી મર્યાદિત છે, તેની જગ્યાએ દરેક પાત્ર વ્યવહાર માટે આશરે રૂ.૫નો ફ્લેટ-નિશ્ચિત ચાર્જ લાવવાની વિચારણા ચાલી રહી છે.

આ બાબતથી પરિચિત સૂત્રોના જણાવ્યા મુજબ, કેટલાક બ્રોકરોએ હાલના રૂ.૩૦૦ના કેપ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમના વાંધાઓને ધ્યાનમાં રાખીને ફ્લટ ફી વિકલ્પ




ચર્ચામાં આવ્યો છે. આ દરખાસ્તને અમલમાં મૂકવા માટે સીધી રીતે નિયમ બદલાશે નહીં.

પ્રથમ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) તરફથી ઔપચારિક રજૂઆત કરવાની જરૂર પડી શકે છે. ત્યારબાદ દરખાસ્ત પર કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મંજૂરી પણ લેવાની જરૂર પડી શકે છે. આ સાથે બાદમાં નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા સત્તાવાર નોટિફિકેશન જેવી પ્રક્રિયામાંથી પસાર થવું પડી શકે છે. અર્થાત, હાલમાં આ દરખાસ્તના તબક્કે છે અને અંતિમ નિયમ તરીકે અમલમાં આવી નથી.

અત્યારે ક્યા ક્ષેત્રોમાં પહેલેથી ફ્લેટ યુપીઆઈ ચાર્જ છે, આ કેટેગરીઓમાં મુખ્યત્વે વીમા, શિક્ષણ, બિલ પેમેન્ટ, સરકારી ચૂકવણી, ઈંધણ, કૃષિ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. જો આ ફેરફાર મંજૂર થાય છે, તો મૂડી બજારના વ્યવહારોને યુપીઆઈની એવી કેટેગરીઓ સાથે સમાન ગણવામાં આવશે.

### અનેક રોકાણકારો ફસાય છે. આ દૂષણને ડામવું અનિવાર્ય છે

## IPO-પ્રાઈમરી માર્કેટની આડમાં ડબ્બા ટ્રેડિંગ જેવું દૂષણ બેફામ બન્યું : રોકડામાં મોટાપાયે લેતી-દેતી

### કમિશન એજન્ટો નકલી એપ દ્વારા ઊંચા પ્રીમિયમ બોલાવી રિટેલ રોકાણકારોને લલચાવે છે. SMEs IPOમાં શેર લાગવા પર 25-50 હજારની લાલચ આપી રોકડ લેતી-દેતી કરાય છે

મુંબઈ

ઈન્વેસ્ટરોને કંપનીઓના ફંડામેન્ટલ હોય કે ન હોય પ્રાઈમરી માર્કેટમાં ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) લાવી આપવાથી લઈને ઈસ્યુઓ છલકાવી દેવાની તમામ સગવડ કરી આપવાની 'ગેરકાયદે' સિન્ડિકેટ મોટાપાયે સક્રિય બનીને રોકાણકારોને પોતાની બિછાવેલી જાળમાં બેરોકટોક ફસાવી રહી છે. આ માટે આઈપીઓ-પ્રાઈમરી માર્કેટની આડમાં બેરોકટોક ગ્રે માર્કેટ ફેક પ્રીમિયમ બોલાવીને રોકાણકારોને જાળમાં ફસાવવા ડબ્બા ટ્રેડિંગ જેવું દૂષણ બેફામ બન્યું છે. આઈપીઓ લાવવાનું કંપની દ્વારા જાહેર થવાની સાથે આ સિન્ડિકેટ દ્વારા કમિશન ધોરણે એપ્સ પર ફેક પ્રીમિયમ છપાવવાની શરૂઆત કરી દઈને ફેક એપ ઓપરેટરો, પ્રમોટરોની




મીલિભગત થકી ઊંચા પ્રીમિયમ બોલાવાનો ખેલ શરૂ કરાય છે. જેને જોઈને રિટેલ રોકાણકારો અંજાઈ જઈને આઈપીઓમાં અરજીઓ કરવા દોટ લગાવતા હોય છે. ઈન્વેસ્ટરોને પણ આવી સિન્ડિકેટ ફોર્મ ભરવા લલચાવવા જો એસએમઈ આઈપીઓમાં શેર લાગ્યા તો, અરજી દીઠ ૨૫, ૫૦ હજાર જેવી માતબર રકમ ચૂકવવામાં આવશે એવી મૌખિક બાંયધરી આપતાં હોવાનું આ પ્રકારે આઈપીઓને અનેકગણા છલકાવી દેવા રીતસરનું ઓપરેશન પાર પડાતું હોવાનું કહેવાય છે. ઈસ્યુ અનેકગણા છલકાવાની સાથે શેરો લાગવાનું પ્રમાણ મર્યાદિત બની જતાં આ સિન્ડિકેટ કે ઓપરેટર દ્વારા અમુકને રકમની રોકડમાં લેતી-દેતી કરી દેવા સામે અન્ય અનેક રિટેલ રોકાણકારો આ આયોજનબદ્ધ બિછાવાતી જાળમાં ફસાઈ જતાં હોય છે. રિટેલ રોકાણકારોને ઈસ્યુઓમાં રોકાણ કરવા તાણી લાવવા, લાલચનો એવો માહોલ ઊભો કરાતો હોય છે કે, ઈન્વેસ્ટરો ઈસ્યુમાં રોકાણ કરવા મજબૂર બની જતાં હોય છે. જેની પાછળ ગ્રે માર્કેટમાં બોલાવવામાં આવતાં ફેક પ્રીમિયમ પ્રમુખ હોય છે. સિન્ડિકેટ દ્વારા જ ફેક આઈપીઓ પ્રીમિયમ એપ કે પ્લેટફોર્મ ઊભા કરીને ટકાવારીમાં કમિશન લઈ પૂરેપૂરો ઈસ્યુ ગેરકાયદેસર રીતે અન્ડરાઈટ કરવાનો અને રિટેલરોને બાટલીમાં ઉતારવાનો ખેલ ખેલાઈ રહ્યો હોવાનું કહેવાય છે. ગ્રે માર્કેટમાં આઈપીઓ પૂર્વે બોલાવાતું ફેક પ્રીમિયમ વાસ્તવમાં ઈસ્યુ ખુલતા સમયે ઘટી જતું હોવાનું અને ઘણા કિસ્સામાં ઈસ્યુ બંધ થવા સમયે ડિસ્કાઉન્ટ બોલાવા લાગતું હોવાનું તાજેતરમાં જોવાયું છે.

## ઓલટાઈમ હાઈથી રૂ.1.94 લાખ સસ્તી થઈ ચાંદી

- **5 દિવસમાં રૂ.11 હજારનો કડાકો! સોનાના ભાવ પણ ધડામ**

મુંબઈ

છેલ્લા કેટલાક દિવસોથી સોના અને ચાંદીના ભાવમાં સતત કડાકો જોવા મળી રહ્યો છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX)થી લઈને સ્થાનિક ઘરેલુ બજાર સુધી ગોલ્ડ અને સિલ્વરના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. ચાંદી વાયદા કારોબારમાં 9000 રૂપિયાથી વધુ અને ઘરેલુ બજારમાં 11,000 રૂપિયાથી વધુ ઘટી ગઈ છે, જેના કારણે તે તેના ઓલ-ટાઈમ હાઈ લેવલથી આશરે 1.94 લાખ રૂપિયા પ્રતિ કિલો સસ્તી થઈ ગઈ છે. આ સાથે જ 24 કેરેટ સોનાના ભાવમાં પણ જોરદાર ઘટાડો થયો છે. MCX પર વાયદા કારોબારની વાત કરીએ તો, 4 ડિસેમ્બરની એક્સપાયરી વાળી 1 કિલો ચાંદી 25 સપ્ટેમ્બરે, 2,34,696 રૂપિયા પર બંધ થઈ હતી, જે ગત શુક્રવારે ઘટીને 2,25,545 રૂપિયા પર આવી ગઈ છે. આમ, માત્ર પાંચ જ દિવસમાં આ કિંમતી ધાતુ 9151 રૂપિયા પ્રતિ કિલો સસ્તી થઈ છે. આ વર્ષના જાન્યુઆરીના આખરી અઠવાડિયામાં ચાંદીનો વાયદો 4,20,048 રૂપિયાના રેકોર્ડ હાઈ પર પહોંચ્યો હતો, જેની સરખામણીએ હવે ચાંદી 1,94,503 રૂપિયા પ્રતિ કિલો સસ્તી મળી રહી છે. સ્થાનિક ઘરેલુ બજારમાં પણ 'ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન' (IBJA)ના આંકડા મુજબ ચાંદીનો ભાવ 2,32,350 રૂપિયાથી 11,521 રૂપિયા ઘટીને 2,20,829 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયો છે.

# સાબરમતી નદી પર બુલેટ ટ્રેનનો 480 મીટર લાંબો બ્રિજ તૈયાર કરાયો

## 36 મીટર ઊંચો પુલ 12 માળની ઇમારત જેટલો; બેલેન્સ્ડ કેન્ટિલીવર પદ્ધતિથી બાંધકામ કરાયું



અમદાવાદ

દેશનો સૌથી મહત્વનો બુલેટ ટ્રેન પ્રોજેક્ટ એટલે અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી ખૂબ ઝડપથી આગળ વધી રહી છે, ત્યારે અમદાવાદમાં સાબરમતી નદી પર 480 મીટર લાંબા બ્રિજનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આશરે 36 મીટર(આશરે 118 ફૂટ) ઊંચો આ બ્રિજ 12 માળની બિલ્ડિંગ જેટલો ઊંચો છે. આ બ્રિજ પશ્ચિમ રેલવેની અમદાવાદ-દિલ્હી મુખ્ય રેલવે લાઈનની નજીક આવેલો છે, જે જમીનથી આશરે 14.8 મીટરની ઊંચાઈ પર છે. આ બ્રિજ સાબરમતી સ્ટેશનથી 1 કિલોમીટર અને અમદાવાદ સ્ટેશનથી 4 કિલોમીટરના અંતરે આવેલો છે. પુલનું બાંધકામ બેલેન્સ્ડ કેન્ટિલીવર મેથડથી કરાયું છે.

મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરની કામગીરી મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યમાં ચાલી રહી છે. બુલેટ ગતિથી ચાલતી બુલેટ ટ્રેન કોરિડોરની કામગીરીમાં ફ્લાયઓવર, પુલ, રેલવે લાઈન અને મેટ્રો કોરિડોર આવે છે. હાલની માળખાકીય સુવિધાઓથી જરૂરી વર્ટિકલ ક્લિયરન્સ જાળવવા માટે સાબરમતી નદી બ્રિજના પિલરની ઊંચાઈ વધુ રાખવામાં આવી છે.

આ પુલમાં 8 સર્ક્યુલર પિલર છે, જેનો વ્યાસ 6થી 6.5 મીટરની વચ્ચે છે. તેમાંથી 4 પિલર નદીના પટમાં અને 2 પિલરની નદીના બંને કિનારા પર-દરેક તરફ 1, જ્યારે 2 પિયર્સ નદીના કિનારાની બહાર આવેલા છે. પિલરની વ્યૂહાત્મક ગોઠવણીથી નદીના જળપ્રવાહમાં ઓછામાં ઓછો અવરોધ રહે તેને લઈ રાખવામાં આવ્યા છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરના મોટા ભાગના નદી પુલોમાં આશરે 40 મીટરના નાના સ્પાન છે, જ્યારે સાબરમતી નદી પુલમાં 50થી 76 મીટર સુધીના લાંબા સ્પાન બનાવવામાં આવ્યા છે. આથી નદીના પટમાં જરૂરી પિયર્સની સંખ્યા ઘટાડવામાં મદદ મળી છે.

આ પુલમાં 76 મીટરના 5 સ્પાન અને 50 મીટરના 2 સ્પાનનો સમાવેશ થાય છે. દરેક સ્પાનમાં 23 સેગમેન્ટ છે, જેનું કાસ્ટિંગ બાંધકામ સ્થળ પર જ ઈન-સિટુ કરવામાં આવ્યું છે. આ સેગમેન્ટના બાંધકામ માટે ઉચ્ચ સ્તરની પ્રિસિઝન એન્જિનિયરિંગ, કુશળ માનવબળ તેમજ દરેક તબક્કે ગુણવત્તાની ચકાસણી જરૂરી રહી છે.

### પુલના ડેકની નીચે પરંપરાગત સ્કેફોલ્ડિંગ ઉભું કર્યા વિના સુપર-સ્ટ્રક્ચરનું બાંધકામ

પુલનું બાંધકામ બેલેન્સ્ડ કેન્ટિલીવર મેથડ (Balanced Cantilever Method) દ્વારા કરવામાં આવ્યું છે. આ એક વિશિષ્ટ બાંધકામ પદ્ધતિ છે, જે નદીઓ અને ઊંડા જળમાર્ગો પર લાંબા સ્પાનવાળા પુલોના બાંધકામ માટે યોગ્ય છે. આ પદ્ધતિમાં પુલના ડેકની નીચે પરંપરાગત સ્કેફોલ્ડિંગ ઉભું કર્યા વિના સુપર-સ્ટ્રક્ચરનું બાંધકામ કરી શકાય છે. પિયર્સ પરથી સેગમેન્ટને ક્રમશઃ સ્થાપિત કરવામાં આવે છે અને પોસ્ટ-ટેન્શનિંગ દ્વારા તેમને જોડવામાં આવે છે. દરેક પિયરની બંને બાજુ સંતુલિત રીતે બાંધકામ કરીને એક સ્થિર અને સતત બ્રિજ ડેક તૈયાર કરવામાં આવે છે.

---

**અમદાવાદના એલિસબ્રિજ પર સનસનાટીભર્યો બનાવ**

## મોતની છલાંગ લગાવવા ગયેલા યુવકને બચાવવા સ્થાનિકો અને પોલીસ દેવદૂત બન્યા



અમદાવાદ

શહેરના હૃદયસમા અને વ્યસ્ત ગણાતા ઐતિહાસિક એલિસબ્રિજ પરથી એક અત્યંત હચમચાવી નાખતી અને જીવ તાળવે ચોંટાડી દે તેવી ઘટના સામે આવી છે. બ્રિજ પર અગમ્ય કારણોસર પોતાના જીવનનો અંત લાવવા માટે મોતની છલાંગ લગાવવા જઈ રહેલા ૨૨ વર્ષીય યુવકને સ્થાનિક નાગરિકો અને ફરજ પરના પોલીસકર્મીઓની અદભુત સમયસૂચકતા અને સાહસના કારણે નવજીવન સાંપડ્યું છે. જો સમયસર આ સાહસિક પગલું ન ભરાયું હોત તો એક મોટી ગોઝારી દુર્ઘટના સર્જાઈ શકી હોત, પરંતુ સતર્ક લોકોએ યુવકનો અમૂલ્ય જીવ બચાવી લીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૨૨ વર્ષીય યુવક કોઈપણ અગમ્ય માનસિક તાણ કે કારણોસર એલિસબ્રિજ પર પહોંચ્યો હતો અને ત્યાં બ્રિજની લોખંડની જાળી પાસે જઈને કૂદી જવાનો પ્રયાસ કરવા લાગ્યો હતો. આસપાસથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોની નજર અચાનક આ યુવક પર પડતા જ બ્રિજ પર અફરાતફરી મચી ગઈ હતી. મામલાની ગંભીરતા તુરંત જ સમજાઈ જતાં ત્યાં હાજર જાગૃત નાગરિકો અને સતર્ક સ્થાનિક પોલીસકર્મીઓ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર દોડી આવ્યા હતા. પરિસ્થિતિની ભયાનકતા પારખીને પોલીસકર્મીઓ અને હિંમતબાજ નાગરિકોએ જીવના જોખમે યુવકને મજબૂતીથી પકડી લીધો હતો અને તેને કાબૂમાં લીધો હતો. આસપાસના લોકોની મદદથી ત્યાં દોરડાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને દોરડાની સુરક્ષિત મદદ લઈને યુવકને નીચે ઉતારી લેવામાં આવ્યો હતો. સમયસરની આ સચોટ અને બહાદુરીભરી કામગીરીના કારણે અંતિમ ક્ષણે યુવકનો જીવ બચી ગયો હતો.

## અમદાવાદના થલતેજમાં આકાશ ઠાકોર નામના થાર ચાલકનો આતંક!!!

અમદાવાદ

શહેરના પોશ ગણાતા થલતેજ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસ અને સ્થાનિક રહીશો માટે માથાનો દુખાવો બનેલા એક અસંયમી વાહનચાલકનો આખરે અંત આવ્યો છે. થાર ગાડી લઈને નીકળતા અને સામાન્ય નાગરિકોને વહજ હેરાન કરતા આકાશ ઠાકોર નામના શખ્સ સામે બોડકદેવ પોલીસે કાયદાનો ગાળિયો કસીને તેની ધરપકડ કરી લીધી છે. આ શખ્સના અસામાજિક કૃત્યોથી ત્રસ્ત બનેલા સ્થાનિક રહેવાસીઓએ પોલીસની આ કાર્યવાહી બાદ રાહતનો શ્વાસ લીધો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા બે મહિનાથી આકાશ ઠાકોર થાર ગાડીમાં બેફામ બનીને થલતેજ વિસ્તારના રસ્તાઓ પર આતંક મચાવી રહ્યો હતો. તેનો મુખ્ય શોખ રસ્તા પરથી પસાર થતા નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકો સાથે વિનાકારણ બોલાચાલી કરવાનો, અપશબ્દો બોલવાનો અને અડચણરૂપ બનવાનો હતો.

**સરદારનગરના ઓઝોન સિટીમાં વિકાસના નામે કૌભાંડ**

## નેતાઓના સ્વાગત માટે હીરા ઘસવા જેવો નહીં પણ હાથથી ઉખડી જાય તેવો ભ્રષ્ટ રોડ બનાવ્યો!

અમદાવાદ

શહેરના સરદારનગર વોર્ડમાં આવેલા ઓઝોન સિટી વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારો અને ભ્રષ્ટાચારની પોલ ખોલતો કિસ્સો સામે આવ્યો છે. અહીંના રહેવાસીઓ દ્વારા છેલ્લા લાંબા સમયથી ખરાબ રસ્તાઓની સમસ્યા અંગે અનેકવાર ઉગ્ર રજૂઆતો કરવામાં આવતી હતી. લાંબી કાગારોળ બાદ તંત્ર જાગ્યું અને રસ્તો બનાવવામાં આવ્યો, પરંતુ આ નવોકોરો રોડ વિકાસની પોલ ખોલી રહ્યો છે. આ રોડ એટલી હલકી ગુણવત્તાવાળો બનાવવામાં આવ્યો છે કે તેને કોઈ મશીન વગર માત્ર હાથથી પકડીને પણ સરળતાથી ઉખાડી શકાય છે! આ અતિ નબળા બાંધકામે સ્થાનિક રહીશોમાં ભારે રોષ ભભૂકાવી દીધો છે.

સ્થાનિક લોકોના આક્ષેપ મુજબ, આ ભ્રષ્ટ રોડ રાતોરાત ઉતાવળમાં બનાવી દેવા પાછળનું અસલી કારણ કંઈક અલગ જ છે. ઓઝોન સિટી વિસ્તારમાં નવી બનેલી લાઈબ્રેરીનું ટૂંક સમયમાં જ લોકાર્પણ અને ઉદ્ઘાટન થવાનું છે. આ ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપવા માટે મોટા-મોટા નેતાઓ આવવાના છે. નેતાઓની ગાડીઓને કે તેમને કોઈ પ્રકારની અગવડ કે તકલીફ ન પડે, તે માટે તંત્ર અને જવાબદાર કોન્ટ્રાક્ટરોએ આંખ આડા કાન કરીને માત્ર દેખાડા પૂરતો આ હલકી કક્ષાનો રસ્તો તૈયાર કરી દીધો છે. પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા પાણીમાં વહાવીને માત્ર નેતાઓના સ્વાગત માટે થઈ રહેલો આ ખેલ હવે ખુલ્લો પડી ગયો છે.

જનતાના મૂળભૂત પ્રશ્નો અને સુવિધાઓ પ્રત્યે આંખ આડા કાન કરતી AMC ની ઘોર બેદરકારી અહીં સાફ દેખાઈ આવે છે. જે રોડ વર્ષો સુધી ટકવો જોઈએ, તે ઉદ્ઘાટનની તારીખ નજીક આવતા જ માત્ર થોડા જ દિવસોમાં જર્જરિત થઈ જાય તેવી સ્થિતિમાં મૂકી દેવાયો છે. સોસાયટીના નાગરિકો સવાલો પૂછી રહ્યા છે કે શું પ્રજાના હક્કના વિકાસના કામો માત્ર નેતાઓની અવરજવર પૂરતા જ સીમિત છે?

આ મામલે સ્થાનિકો અને જાગૃત નાગરિકો દ્વારા હવે ઉચ્ચ સ્તરે કડક તપાસની માંગ કરવામાં આવી છે.

## અમદાવાદ પોલીસ કમિશનર અનુપમ સિંહ ગહલૌતનું મોટું જાહેરનામું

### હવે શહેરના તમામ ગેરેજ અને સર્વિસ સ્ટેશનો માટે વાહનોની નોધણી બાબતે કડક નિયમો ફરજિયાત



અમદાવાદ

અમદાવાદ શહેરમાં સતત વધતી વસ્તી ગીચતા, અને તેની સાથે ચોરી, લૂંટ, ધાડ અને મોબાઈલ-ચેઈન સ્નેચિંગ જેવા ગુનાઓ પર અંકુશ મેળવવા માટે અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમ સિંહ ગહલૌત દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને લાલ આંખ કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અસામાજિક તત્વો દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓમાં ચોરીના વાહનોનો ઉપયોગ થતો અટકાવવા તેમજ વાહનોમાં મોડિફિકેશન કરીને પોલીસને થાપ આપવાના ખેલને ડામી દેવા માટે શહેરના તમામ ગેરેજ, વર્કશોપ અને સર્વિસ સ્ટેશનો માટે નવા નિયમો કડકપણે લાગુ કરવામાં આવ્યા છે. શહેરના તમામ ગેરેજ, વર્કશોપ અને સર્વિસ સ્ટેશનના માલિકો અથવા મેનેજરે હવેથી રિપેરિંગ કે વેચાણ અર્થે આવતા દરેક વાહનનું એક ખાસ રજિસ્ટર ફરજિયાત નિભાવવું પડશે. આ રજિસ્ટરમાં વાહનનો પ્રકાર, કંપનીનું નામ, રજિસ્ટ્રેશન નંબર, એન્જિન નંબર, ચેસિસ નંબર તેમજ વાહન માલિક કે ઉપયોગકર્તાનું નામ, પૂરેપૂરું સરનામું, અધિકૃત આઈ.ડી. પ્રૂફ અને મોબાઈલ નંબરની ચોક્કસ નોંધણી કરવી અનિવાર્ય રહેશે. ગેરેજ અને સર્વિસ સ્ટેશનના એન્ટ્રી તથા એક્ઝિટ ગેટ પર હાઈ-ક્વોલિટી CCTV કેમેરા લગાવવાના રહેશે. આ કેમેરાનું ઓછામાં ઓછું 30 દિવસનું (એક મહિનાનું) રેકોર્ડિંગ સુરક્ષિત જાળવી રાખવું પડશે જેથી જરૂર પડ્યે પોલીસ તપાસમાં મદદ મળી શકે.




## સંક્ષીપ્ત સમાચાર

### SMCના ચાંગોદરના કોલાટ ગામમાં દરોડા, 13 લાખનો વિદેશી દારૂ ઝડપાયો, એક શખસ ઝડપાયો

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે અમદાવાદ ગ્રામ્યના સાણંદ તાલુકાના કોલાટ ગામની ચિત્રકૂટ સોસાયટીમાં દરોડો પાડી 13 લાખથી વધુનો દારૂ ઝડપ્યો. સ્થાનિક પોલીસની બેદરકારી છતી થઈ. SMCએ સ્થળ પરથી 35 પેટી વિદેશી દારૂ, 1 વાહન અને 2 મોબાઈલ ફોન સહિત કુલ 14.26 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો. બોડકદેવના કુંજ પટેલની ધરપકડ થઈ છે અને હરિયાણા કનેક્શન પણ સામે આવ્યું છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે અમદાવાદ ગ્રામ્યના ચાંગોદર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સાણંદ તાલુકાના કોલાટ ગામની સીમમાં ચિત્રકૂટ સોસાયટી ખાતે દરોડો પાડીને મોટો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. સ્થાનિક પોલીસની ઊંઘતી ઝડપી SMCએ પાડેલા આ દરોડામાં 13 લાખ રૂપિયાથી વધુની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, જેના કારણે સ્થાનિક પોલીસની કામગીરી સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે.

### ગેસ કનેક્શન-બિલના નામે સાયબર ફ્રોડના કેસોમાં વધારો: ત્રણ અલગ-અલગ ઘટનામાં ગઠીયાઓએ ₹14 લાખ પડાવ્યા

અમદાવાદમાં સાયબર ફ્રોડના ત્રણ અલગ-અલગ બનાવમાં સાયબર ગઠિયાઓએ બે વેપારી અને એક નિવૃત્ત વૃદ્ધ પાસેથી કુલ 14.50 લાખથી વધુની છેતરપિંડી કરી છે. ત્રણેય બનાવમાં પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. અમરાઈવાડીના 55 વર્ષીય વેપારી મહેશકુમાર જૈને ઓનલાઈન ગેસ કનેક્શન માટે સર્ચ કર્યું હતું. બાદમાં હેકરે WhatsApp પર 'Gas Bill_update.apk' ફાઈલ મોકલી 10 રજિસ્ટ્રેશન ફી ભરવાનું કહ્યું હતું. ફાઈલ ડાઉનલોડ કરતાં મોબાઈલ હેક થયો અને OTP મેળવી બેંક ખાતામાંથી 5.90 લાખ ટ્રાન્સફર કરી લેવાયા. અન્ય બનાવમાં અવેશ યાસીનભાઈએ 3 ટકા કમિશનના આધારે પરિચિતોને ક્રેડિટ કાર્ડ આપ્યા હતા. આરોપીઓએ વિશ્વાસઘાત કરી 4.37 લાખની રકમ ઓનલાઈન ઉપાડી લીધી હતી. નિકોલના 70 વર્ષીય નિવૃત્ત પ્રવિણચંદ્ર મોદીને અદાણી ગેસના નામે ફોન કરી 20 ચાર્જના બહાને ATM કાર્ડની વિગતો મેળવી હતી. ત્યારબાદ તેમના બેંક ખાતામાંથી 4.23 લાખ અલગ ખાતામાં ટ્રાન્સફર કરી દેવાયા હતા.

### અમદાવાદના અસલાલીના રોપડા ગામે જમીન વિવાદમાં ખૌફનાક ઘટના

અમદાવાદ નજીક આવેલા અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારના રોપડા ગામે જમીન પચાવી પાડવાના વિવાદમાં પૈસા અને વગના જોરે એક ગરીબ ખેડૂત પરિવાર પર અત્યાચારની હદ વટાઈ ગઈ હોવાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. રોપડા ગામના ગરીબ ખેડૂત વિનુભાઈ ઠાકોર અને તેમના પરિવાર પર દબંગો દ્વારા સરેઆમ જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે, જેનાથી સમગ્ર પંથકમાં ભય અને રોષનું વાતાવરણ ફેલાઈ ગયું છે. પીડિત ખેડૂત વિનુભાઈ ઠાકોરે આક્ષેપ કર્યો છે કે આરોપીઓ દ્વારા તેમની પૈતૃક જમીન બળજબરીથી હડપ કરવા માટે અગાઉથી જ ઘાતક પેંતરા રચવામાં આવી રહ્યા છે. આ દબંગો દ્વારા ખેતરમાં ઊભેલા પાકને ટ્રેક્ટર કે અન્ય સાધનો દ્વારા સદંતર નષ્ટ કરી દેવામાં આવ્યો છે અને જમીન પર આવેલું ગોડાઉન તથા વંડો પણ તોડી પાડીને મોટું આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

### એરપોર્ટ પર ટેક્સી ચાલકોની દાદાગીરી:સિક્યુરિટી ઓફિસરે ટ્રીપ ન હોવા છતાં ગાડી રોકતા ડ્રાઇવરે ધમકી આપી

અમદાવાદ એરપોર્ટ ઉપર ટેક્સી ચાલકોની દાદાગીરી દિન પ્રતિદિન વધી રહી છે. એરપોર્ટમાં ટર્મિનલ એક પર અરાઈવલ એન્ટ્રી ટ્રીપ ચેકપોસ્ટ ખાતે ફરજ બજાવતા સિક્યુરિટી ઓફિસર સાથે ટેક્સી ડ્રાઈવરે માથાકૂટ કરી હતી. ત્યારબાદ બોલાચાલી કરી હું તને જોઈ લઈશ એમ કહી ધમકી આપી હતી. સિક્યુરિટી ઓફિસર નોકરી પૂરી કરી સવારે ઘરે જતો હતો ત્યારે એકટીવા પર આવેલા બે લોકોએ સિક્યુરિટી ઓફિસરને ચાલુ વાહને ડંડો માર્યો હતો અને ત્યારબાદ તેને માર મારી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. સમગ્ર મામલે સિક્યુરિટી ઓફિસરે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ટેક્સી ડ્રાઈવરો અને માર મારનાર બે શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### સેટેલાઇટમાં દીકરીને મળવા અમેરિકા ગયેલા વૃદ્ધ દંપતીના બંધ મકાનમાં 16 લાખની ચોરી

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં દીકરીઓને મળવા અમેરિકા ગયેલા વૃદ્ધ દંપતીના બંધ બંગલામાં ચોરીનો બનાવ બન્યો છે. અજાણ્યા તસ્કરો ધાબાની ગ્રીલ તોડી ઘરમાં ઘૂસી 16.75 લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી ફરાર થયા હતા. પાડોશીએ લટકતા દોરડાની જાણ કરતા ચોરીનો પર્દાફાશ થયો. પોલીસે CCTV ફૂટેજ આધારે તપાસ શરૂ કરી છે. સેટેલાઈટ વિસ્તારમાં ચોરીની એક મોટી ઘટના સામે આવી છે. દીકરીઓને મળવા અમેરિકા ગયેલા વૃદ્ધ દંપતીના બંધ બંગલાને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો ધાબાની ગ્રીલ તોડી અંદર ઘૂસ્યા હતા અને 16.75 લાખ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI